હમ્દ ૭૮૬/૯૨ નાઅત

ઇમામે અહલે સુન્નત મુઝદ્દીદે દીનો મિલ્લત ફાઝીલે બરેલ્વી (રહમતુલ્લાહે તઆલા અલૈહે)ના ૧૭૦ વર્ષ પહેલા જન્મની આગાહી કરનાર

શહેનશાહે કાઠીયાવાડ

હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શિરાઝીશાહ

(રહમતુલ્લાહે તઆલા અલૈહે) (મુ. કલારીયા શરીફ)

-: પ્રકાશક :-

સુન્ની મુસ્લિમ કમિટી

વેરી દરવાજા, ગોંડલ ૩૬૦૩૧૧ (ગુજરાત)

ફોન : ૦૨૮૨૫-૨૨૪૭૮૬

હજજનો અનમોલ ખજાનો એટલે
'રફીકે હજજ'

હજજે બયતુલ્લાહ શરીફ હજજ અદાયગી માટે જનાબ હાજી હઝરાત માટે એહલે સુન્નત વલ જમાઅતની પ્રમાણભુત-મુસ્તનદ કિતાબ 'રફીકે હજજ' ગુજરાતના સુન્ની નામવર અને ખ્યાતિ પામેલા વિદ્વાન લેખક, સાહિત્યકાર અને ઉંડા અભ્યાસી સુફી શાહ અલ્હાજ ઉસ્માનભાઇ ખત્રી M.A. L.L.B. નિવૃત એડવોકેટની કલમે તૈયાર થયેલ કિતાબમાં સુન્ની સહીહુલ અકીદા મુજબ મોઅતબર હવાલા સભર હજજ અદાયગીની કિતાબોના સંદર્ભ ટાંકીને ભરપુર માહિતી પુરી પાડવામાં આવી છે. હવે ક્યાંયે બદ અકીદાવાળાઓની કિતાબ દેખવા, જાણવા અને અભ્યાસ કરવાની કોઇ જરૂરત રહેતી નથી રફીકે હજજમાં હાજી હઝરાત માટે હજજ, ઉમરહ, સફા-મરવા અરફાતના મેદાનમાં, મીના મુઝદલિફા, શયતાનને કાંકરી મારવાની વિધી સહિત મદીના શરીફની ફઝીલત, સરકારે અદબ કરાર આકાના રવઝ એ મુકદસની હાજરી, દુરૂદો-સલામ પેશ કરવાની રીત જન્નતુલ બકીમાં મદફન સહાબીઓ,જાંનિસારો ની જાણકારીથી ભરપુર માહિતી આલેખવામાં આવી છે. ભારત અને બીજા દેશોમાં અંગ્રેજી અને ઉર્દૂમાં જાણકારી સાથે ખ્યાતનામ ઝીયારત ગાહોનું ચિત્ર આરોહરણ આ કિતાબમાં સમાવિષ્ટ કરવામાં આવ્યો હોય હવે હાજી હઝરાતો અકાઇદે બાતીલાના સાહિત્ય સર્જનથી દુર અલગ થઇ માત્ર એક પોસ્ટકાર્ડની જાણકારીની અમારા નીચેના સરનામે પત્રવ્યવહાર કરી રફીકે હજજ મફત મંગાવવા જણાવશો.

• વ્યવસ્થાપક •

સુન્ની મુસ્લિમ કમિટી

વેરી દરવાજા, ગોંડલ ૩૬૦૩૧૧

જિ. રાજકોટ (ગુજરાત) ફોન : ૦૨૮૨૫-૨૨૪૭૮૬

નોંધ : આ કિતાબ ટેલીફોન દ્વારા બુકીંગ કરવામાં આવશે નહીં તેની વાંચક મિત્રોએ ખાસ નોંધ લેવી.

સુપર ડીલકસ પ્રિન્ટર્સ, રાજકોટ. મો. ૯૯૨૫૯ ૨૭૮૬૧

Scanned with OKEN Scanner

૭૮૬/૯૨ ૭૮૬/૯૨

"મસ્લકે અહેલે સુન્નત"

નશેમન પર નશેમન ઈસ તરહ તાઅમીર કરતાજા
કે બિજલી ગીરતે ગીરતે ખુદહી બેઝાર હોજાએ

નમ્ર અપીલ

ગુજરાત રાજ્યના ખેડા જીલ્લાના છેવાડાના બાલાસિનોર કસ્બામાં "ટીમ્બા મહોલ્લા મસ્જીદ ટ્રસ્ટ તથા મદ્રસ - એ તાલીમુલ ઈસ્લામનો રજી નં. બી-૪૬૪ ખેડા છે જે છેલ્લા પર (બાવન વર્ષથી કારોબાર સંભાળી દીનની ખીદમત કરી રહ્યુ છે ગુજરાત પ્રદેશમાં બાળકોના ઘણા બધા દારૂલ ઉલુમો દીની તાઅલીમ માટે કાર્યરત છે જે પરંતુ બાળાઓ માટે ફકત ૩ (ત્રણ) જે જેવા કે થામ ધ્રોલ અને હાલમાં અસ્તિત્વમાં આવી રહેલ હલદરવા સિવાય કોઈ પણ જીલ્લામાં બાળાઓની દીની તાઅલીમી સંસ્થા અસ્તિત્વમાં નથી જો શહેરી વિસ્તારોમાં કરવામાં આવે તો દૂર સુધીના ગ્રામ્ય વિસ્તારો વધુ લાભ લઈ શકે તેમ ન હોઈ તમામ પાસાઓની ચર્ચા વિચારણા કર્યા પછી હઝરત પીરેતરીકત અલ્લામા શુફી સૈયદ શફીઉલ્લાહબાબા દરિયાઈ મદ્દેજીલ્લહુઆલીની સરપરસ્તીમાં ઉપરોકત સંસ્થાના મદ્રસાના (૨) હોલનું કામ જે, હાલ પૂર્ણ થઈ ગયેલ છે. તેના ત્રીજા માળે (૯) રૂમ હોસ્ટેલ સાથે કલાસ રૂમ રસોડુ આલીમાઓને રહેવાની પુરતી સગવડ સાથે મરમયે ઝમાના હાફેઝા બીબી ફતહમલક (રહેમતુલ્લાહ તઆલા અલૈહા) દાદી અમ્મા) ઝૌજાહ ખ્વાજા દરિયાઈ દુલ્હા અલયહિર્રમાં, બીરપુરશરીફ" જી. ખેડાની યાદમાં "જામેઆ ઉમ્મુલ અવલિયા દરિયાઈ"ના નામે તા. ૩-૭-૨૦૧૦ શનિચર ૨૧ રજ્જબ હિ. ૧૪૩૧ના રોજ પુરા ગુજરાતમાંથી પધારેલ પીરેતરીકત ઉલ્માએકીરામ, ખુસુસી મહેમાનો અને બાલાસિનોર નગરના મુસ્લીમોની વિશાળ હાજરીમાં પીરે તરીકત સૈયદ શફીઉલ્લાહબાબા મદ્દેજીલીહુઆલીના દસ્તે મુબારકથી "સંગે બુનિયાદ" કરવામાં આવેલ છે."

આ સંસ્થાના વિદ્યાર્થીનીઓને રહેવા જમવા ગણવેશ દિની કિતાબો ડાકટરી સારવાર મફત પૂરી પાડવામાં આવશે ઈન્શાઅલ્લાહ !

સુન્નીયતની હિફાઝત અને દરેક મોર્ચા પર દુશ્મનોના પરાજય માટે ગુજરાત/ભારત/ અને વિદેશોમાં વસતા ભાઈ બહેનોને દામે દિરહમે-કદમે-સુખને હાલ આ સંસ્થાને દિન પ્રતિદિન મજબુતી સાથે આગળ વધારવા પોતાની પવિત્ર ફરજ સમજી મદદરૂપ થઈને સવાબે દારૈનના હકકદાર બનશો જ તેવી આગ્રહભરી અપીલ કરવામાં આવે છે.

ખાસ નોંધ :- બહાર ગામથી ઈમદાદ મોકલતા સખીદાતાઓને ખાસ વિનંતી કરવામાં આવે છે કે એમ.ઓ. કે ડિમાન્ડ ડ્રાફટ સાથે આપશ્રીનું પુરેપુરૂ સરનામું/મો. નંબર અચૂક જણાવશો. જેથી આપશ્રીને પાવતી અને અન્ય પ્રકાશિત સાહિત્ય મોકલવામાં અગવડ ન પડે આભાર સહ.

પત્ર વ્યવહારનું સરનામું

ઓન જન સેકેટરી જામેઆ ઉમ્મુલ અવલીયા દરિયાઈ

હાજી શેખ અ. રશીદભાઈ (ગુજરાતી)

'રઉફ મંઝિલ', ટીંબા મોહલ્લા બાલાસિનોર જી. ખેડા

મો. નં. ૦૯૯૯૮૧૮૬૫૯૪

લી.
પીરે તરીકત સૈયદ શુફી
શફીઉલ્લાહ એ. દરિયાઈ
મો. ૯૮૨૫૧ ૭૯૯૩૬

પ્રમુખ
હઝરત ફખ્રે ગુજરાત
મોલાના હાફિઝ મો. ઈદ્રીસખાન
અશરીફીની સદારતમાં
મો. ૯૮૨૫૯ ૫૭૩૧૩

ઓન. જન સેકેટરી
હાજી અબ્દુલ રશીદ એં. શેખ
(ગુજરાતી)
મો. ૯૯૯૮૧ ૮૬૫૯૪

હમ્દ ૭૮૬/૯૨ નાઅત

શહીદે આઝમ સૈયદેના હઝરત ઈમામ હુસૈન (રદીઅલ્લાહો અન્હો)
અને કરબલાના તમામ જાનીસાર શહીદોની
મુબારક યાદમાં આ કીતાબો પ્રગટ કરવામાં આવે છે.

★ ★ ★ ★

શહેનશાહે કાઠીયાવાડ
હઝરત સૈયદ મોહંમદ સાલેહ શીરાઝી શાહ
(રહેમતુલ્લાહ અલયહે) ની કરામતો

★ ★ ★ ★

:: અનુવાદક ::
પીરે તરીકત સૈયદ અલ્હાજ અબ્દુલ મુસ્તુફા મીયાં
કાદરી હુસૈની શિરાઝી પીર સાહેબ (કલારીયા વાળા)

:: પ્રકાશક ::
સુન્ની મુસ્લિમ કમિટી
વેરી દરવાજા,
મું. ગોંડલ-૩૬૦ ૩૧૧. જિ. રાજકોટ. (ગુજરાત)
ફોન : ૦૨૮૨૫-૨૨૪૭૮૬

ઝેરે સરપરસ્ત હઝરત પીરે તરીકત અલ્હાજ
સૈયદ કમરૂદ્દીન બાવા સાહેબ કારંટવી

કિતાબનું નામ : **શહેનશાહે કાઠીયાવાડ**
હઝરત સૈયદ મોહંમદ સાલેહ શીરાજી શાહ
(રહેમતુલ્લાહ અલયહે) ની કરામતો

ફારસી ના મૂળ લેખક :
સૈયદ ઇમામુદ્દીન ઇબ્ને નબી બખ્શ
ઉર્ફે જોરાવર શાહ પીર (રહમતુલ્લાહ અલયહે)

ગુજરાતી અનુવાદક :
પીરે તરીકત સૈયદ અલ્હાજ અબ્દુલ મુસ્તુફામીયાં
કાદરી હુસૈની શિરાઝી પીર સાહેબ (કલારીયાવાળા)

આવૃતી : બીજી

પ્રકાશન નં. : ૨૮૨

પ્રકાશન તિથી : હિજરી ૧૪૩૧ ઇ.સ. ૨૦૧૦

મુદ્રક : સુપર ડીલક્સ પ્રિન્ટર્સ, રાજકોટ.

પ્રત : ૧૪,૦૦૦/-

હદીયો : મફત

(પોસ્ટ કાર્ડ લખી પ્રકાશકના સરનામેથી મફત મેળવો)

:: પ્રકાશક ::

સુન્ની મુસ્લિમ કમિટી
વેરી દરવાજા,
મું. ગોંડલ-૩૬૦ ૩૧૧. જિ. રાજકોટ. (ગુજરાત)
ફોન : ૦૨૮૨૫-૨૨૪૭૮૬

બિસ્મીલ્લા હિર્રહમા નિર્રહીમ
નહમદોહુ વ નોસલ્લી અલા રસૂલે હીલ કરીમ.

::પહેલી આવૃતિના પ્રકાશન વખતે ::

કરામતે શિરાઝી શાહ કલારીયાવાળા

હઝરત કુતુબુલ અકતાબ ગૌસેઝમાં કૈયુમેઝમાં ફર્દુલ અફરાદ મખદુમ સૈયદ મોહંમદ સાલેહ શિરાઝી શાહ (રહેમતુલ્લાહ તઆલા અલયહે)

જનાબ, અબ્દુલ કૈયુમ બાવા ગુલામે હુસેન બીન
સૈયદ હાજી મુસ્તફા બાપુ
શિરાઝી કાસિમી હુસૈની કાદરી—કલારીયાવારા
બહારપુરા, ધોરાજી-૩૬૦ ૪૧૦. (ગુજરાત—ભારત)

:: ફારસીના મૂળ લેખક ::

જનાબ સૈયદ ઈમામુદીન બાવા ઈબ્ને ગુલામ નબીબખ્શ ઉર્ફે
જોરાવર શાહ પીર રહમતુલ્લાહ અલયહે

:: ઉર્દુમાં તરજુમો કરનાર ::

જનાબ હઝરત સૈયદ હુસૈનમીંયા બાપુ રહમતુલ્લાહ અલયહે
(દરગાહ શરીફ—ટંકારા)

:: ગુજરાતીમાં તરજુમો કરનાર ::

જનાબ પીરે તરીકત સૈયદ અલ્હાજ અબ્દુલ મુસ્તફા મીંયા કાદરી
હુસૈની શિરાઝી કલારીયાવાળા પીર સાહેબ

મીરાતે મહેમુદીયા સીરતે શિરાઝ શમસુલ મસાહીક	●	આ ત્રણ કિતાબોમાંથી થોડું થોડું લેવામાં આવ્યું છે.

બિસ્મીલ્લા હિર્રહમા નિર્રહીમ

નહમદોહુ વ નોસલ્લી અલા રસૂલે હીલ કરીમ

પહેલી આવૃતિ વખતે

બે બોલ

ઘણાં લાંબા સમયથી હઝરત કુત્બુલ અકતાબ ફર્દુલ અફરાદ ગૌસેઝમાં હઝરત સૈયદના શાહ સૈયદ મોહંમદ સાલેહ શીરાઝી રહમતુલ્લાહ અલયહેનું જીવન ઝરમર આલેખવાની તમન્ના હતી પરંતુ સંજોગો વસાત હું આ કીતાબનો તરજુમો કરી શક્યો નહિ. હઝરત પીરે તરીક્ત સૈયદના અલ્હાજ મુસ્તફા મીયાં સાહેબ (જે અમારા દાદા બાવા થાય છે.) હઝરતે આ કિતાબનું ગુજરાતીમાં તરજુમો કરી બધા મુરીદો તથા શીરાઝી સૈયદો તથા ઓલાદ ઉપર તથા બધા માનવાવાળા ઉપર એહસાન કર્યો. અલ્લાહત્આલા તેઓની ઉમર દરાજ કરે—આમીન.

અલ્લાહ ત્આલાએ કુરઆને કરીમમાં ફરમાવ્યું છે કે અલાઈન્ના ઔલીયા અલ્લાહે લાખૌફુન અલૈહીમ વલાહુમ યહ ઝનુન (અર્થ : ખબરદાર બેશક અલ્લાહના વલીઓ (દોસ્તો) ને ન તો કોઈ ડર હશે અને ન તેઓ ગમગીન થશે.) મતલબ કે તેમને દુનીયા અને આખેરતમાં કશો ભય હોતો નથી. કારણ કે તે પોતાની પુરી જીંદગી ખુદા અને રસૂલે મહેબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઈનાયતથી ગુજારી દે છે. અલ્લાહના વલીઓ અતી ઉલ્લાહ અને અતી ઉર રસૂલના નમુના હોય છે તે પોતાની જાતને ફના ફીલ્લાહ કરી દીયે છે. દરેક મનોરંજન ખેલકુદ મનોકામનાનો ત્યાગ કરીને ખુદાની મરજી હાંસલ કરે છે, ખુદાની મરજી હાંસલ કરી લીધા પછી તેમની હૂકુમતની વિશાળતા વધી જાય છે. તેમની કરામતો જોઈને ઘણા બીન મુસ્લીમોએ ઈસ્લામ સ્વીકારેલ છે. આ મશહુર ઔલીયા સૈયદુસ્સાલેકીન, કુદવતુલ આરેફીન, સરતાજે ઓલીયા, કુત્બુલ અકતાબ, ફર્દુલ અફરાદ, ગૌષેઝમાં હુઝૂર સૈયદના શાહ સૈયદ મુહંમદ સાલેહ શીરાઝી રહમતુલ્લાહ અલયહે છે.

આખા હિન્દુસ્તાનમાં શીરાઝી ખાનદાનના બુઝુર્ગો આવ્યા છે. અમદાવાદમાં પણ અમારા સીલસીલાના શીરાઝી સૈયદો છે. કચ્છમાં પણ શીરાઝી સૈયદો છે. ગુજરાતમાં ઘણી જગ્યાએ ઈરાનં દેશના શીરાઝ ગામેથી આવ્યા છે હઝરતના બીજા ભાઈ હઝરત નીઝામુદીન રહેમતુલ્લાહ અલયહે પણ એમની સાથે આવ્યા તેઓનો મઝાર શરીફ જામખંભાળીયા તાલુકામાં દાત્રાણા ગામે છે અને ત્યાં પણ તેઓની ઔલાદ સીકકા, સલાયા, જામખંભાળીયા, ભાણવડ, ઓખા, દ્વારકા વગેરે ગામોમાં છે, શીરાઝી શાહ ધણકુલીયાવાળા તેમના ત્રીજા સગાભાઈ થાય આપના ભાઈ ચાર છે. (ઈરાન) શીરાઝમાં હઝરત હુશૅનમીયાં આપના ચોથા ભાઈ થાય છે.

આ કિતાબમાં મને બહુ રસ હતો અને હઝરત વાલીદ બુઝુર્ગ સાહેબની તમન્ના પુરી કરી. હવે મને આશા છે કે ઈન્શાઅલ્લાહ ઓલ ગુજરાતના શિરાઝી બુઝુર્ગોની માહિતી ભેગી કરીને એક કિતાબ બહાર પાડીશું ઈન્શાઅલ્લાહ.

હઝરત કુત્બુલ અકતાબ, ફર્દુલ અફરાદ, ગૌસેઝમાં સૈયદુસ્સાલેકીન, કુદવતુલ આરેફીન, સરતાજે ઔલીયા હઝરત સૈયદના શાહ સૈયદ મોહંમદ સાલેહ શીરાઝી રહેમતુલ્લાહ અલયહેના જીવન અને કરામતોથી અને કથનોથી સુપરિચિત થાય તે હેતુથી ગુજરાતી ભાષા જાણનારાઓ માટે આ ગુજરાતી કિતાબ બહાર પાડી લોકોની જાણકારી માટે સીરતે શીરાઝીના આધારે આ પુસ્તક તૈયાર કરવામાં આવેલ છે.

અત્યારે ગુમરાહ કુન માહોલમાં બુઝુર્ગાને દીનના જીવન ઝરમર ને વાંચી ફયઝયાબ થવું તે પણ એક મહામુલી નેઅમત છે. ખુશ ખબરી છે તે લોકોને કે જેઓ બુઝુર્ગાને દીન પ્રત્યે અખૂટ અકીદત ધરાવે છે અને તેમનાં જીવન ઝરમરનાં પુસ્તકો ખરીદી પોતાની નેક કમાઈને સાચા માર્ગે ખર્ચી સિરાતે મુસ્તકિમનો સીધો માર્ગ અપનાવે છે.

શીરાઝી શાહ કાદરીયાની આ પહેલી સીરીઝ છે ઈન્શાઅલ્લાહ હવે પછી ઓલ ગુજરાતનાં શીરાઝીયાહ ખાનદાનનાં બુઝુર્ગોની માહિતી ભેગી કરી શીરાઝી બુઝુર્ગોના હાલાત આપની સમક્ષ રજુ થતા રહેશે. ઈન્શાઅલ્લાહ.

લી. નાચીજ ગુલામાને કાદરીયાહ શીરાઝીયાહ
જનાબ સૈયદ અબ્દુલ કૈયુમબાવા ગુલામેહુશૈન કાદરી
શીરાઝી હુશૈની કાદરી કલારીયાવાલા
હીઝરી તા. ૧-૭-૧૪૦૬
સને તા. ૧૧-૩-૧૯૮૬
બહારપુરા મું. ધોરાજી શરીફ-૩૬૦૪૧૦
(સૌરાષ્ટ્ર-ગુજરાત-ભારત)

આ મુકદ્દસ કીતાબમાં

- સુલતાનુલ હિન્દ, ખ્વાઝા ગરીબ નવાઝ (રદીયલ્લાહો અન્હો એ અજમેર શરીફમાં જે રીતે ચાખડી રવાના કરી એજ રીતે કલારીયા) શરીફમાં હઝરત શિરાઝી બાવા (અલૈહીર્રહમા) એ પણ ચાખડી રવાના કરી અને 'જાગબાઈ' તથા પૂજારી સહિતનાને મારી.

  (જૂઓ પાના નં. ૧૮)

- બગદાદ શરીફથી ખૂદ હુઝૂર ગૌષપાક (રદીઅલ્લાહો અન્હો) એ તેઓની સાથે હિન્દુસ્તાન રવાના કરતા પહેલાં ચાર (ખાદિમ' હઝરત શીરાઝીશાહ બાવા (અલૈહીર્રહમા) સાથે મોકલ્યા જે 'સુમરાહ' હતા.

  (જૂઓ પાના નં. ૧૬)

- સૌરાષ્ટ્રમાં જે કરામતો જાહેર થઈ ન હોય એવી મહાન કરામતો વાંચી ફૈઝ હાંસિલ કરો

  (જૂઓ પાના નં. ૧૭)

- સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ દારૂલ ઉલુમનો પાયો હઝરત શિરાઝી બાવાએ સ્થાપ્યો.

  (જૂઓ પાના નં. ૨૧)

- સુમરા કોમને નેક દુઆઓ આપી

  (જૂઓ પાના નં. ૧૮ તથા ૪૬)

- દીન ઉપર સૌને સખ્તાઈથી પાલન કરવા વસિયત ફરમાવી

  (જૂઓ પાના નં. ૪૫)

Scanned with OKEN Scanner

બિસ્મીલ્લા હિર્રહમા નિર્રહીમ
નહમદોહુ વ નોસલ્લી અલા રસુલે હીલ કરીમ
હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શિરાઝી શાહ રહમતુલ્લાહ અલયહેનો

મુબારક શજરા શરીફ

ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના વ નબીયેના વ મૌલાના મોહંમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના અલી એ મુર્તુઝા કર્રમલ્લાહો વજહહુ
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના ઈમામ હુસૈન રદીયલ્લાહો અન્હો
ઈલાહી બે હુરમતે સૈયદના હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (રદીઅલ્લાહો અન્હો)
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના ઈમામ મોહમ્મદ બાકર
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના ઈમામ જાઅફર સાદીક
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના ઈમામ મુસા કાઝીમ
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના ઈમામ અલી રઝા
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના ખ્વાજા માઅરૂફ કખી
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના ખ્વાજા સરી સકતી
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના જુનેદ કાસીમ બગદાદી
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદ ખ્વાજા અબુબક શિબ્લી
ઈલાહી બે હુરમતે હઝરત શેખ અબ્દુલ વાહીદ બીન અ. અઝીઝ તમીમી
ઈલાહી બે હુરમતે હઝરત શેખ અબ્દુલ ફરહ તરતુસી
ઈલાહી બે હુરમતે હઝરત શેખ અબ્દુલ હસન હન્કારી
ઈલાહી બે હુરમતે હઝરત શેખ અબુ સઈદનીલ મુબારક

ઈલાહી બે હુરમતે હઝરત શયખુલ મશાઈખ સુલતાનુલ ઔલીયા મખઝુમી
હઝરત સૈયદના શાહ ગૌષસ્સમદાની કુત્બે રબ્બાની મહેબુબે સુબ્હાની હઝરત સૈયદના મોહયુદીન અબ્દુલ કાદીર જીલાની અલ બગદાદી રદીઅલ્લાહો અન્હો
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના શાહ અબ્દુર્ઈજાક
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના શાહ અબુ. નસીરૂદીન
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના મોહયુદીન
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના કબીરૂદીન
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના મોઈનુદીન
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના મોહમ્મદ શમસુદીન
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના શાહ મોહમ્મદ શરીફ
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના શાહ હામીદ
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના શાહ રૂકનુદીન
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના મોહમ્મદ શાહ
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના શાહ અબ્દુર્ઝઝાક
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના શાહ બુદીન મોહમ્મદ
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના શાહ અબ્દુલ લતીફ
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના શાહ ગરીબ
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના શાહ જમાલુદીન મોહમ્મદ કાદરી જીલાની અલ હામવી
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના શાહ મોહમ્મદ સાલેહ શિરાઝી શાહ
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના શાહ ફઝલે અલી
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના શાહ મોહમ્મદ નીઝામુદીન શીરાઝી
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના શાહ મોહમદ કાસીમ અલ મઅરૂફ ઉર્ફે કામુશાહ કાદરી
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના મીર શાહ શિરાઝી શાહ

ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના શાહ મોહંમદ ઝિયાઉલ્લાહ
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના શાહ મોહમ્મદ લાલા મીયાં શાની શીરાઝ શાહ
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના શાહ હુશેન મીયાં
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના શાહ મહેમુદ મીયાં શિરાજી શાહ
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના હાજી મોહમ્મદ મુસ્તફા બાવા શિરાઝી શાહ
ઈલાહી બે હુરમતે સૈયદ અબ્દુલ કૈયુમ બાવા ઈબ્ને ગુલામ હુશેન બાવા કાદરી હુશૈની શિરાઝી અફી અન્હો
ઈલાહી બે હુરમતે હઝરત સૈયદના શાહ અબ્દુલ ગફારબાવા ઈબ્ને અલી હુસેન કાદરી અલહુસૈની શીરાઝી
ઈલાહી બે હુરમતે શાહ અબ્દુલ અબુ બાવા ઈબ્ને હસન અલી હુસેન કાદરી અલ હુસૈની શીરાઝી

શજરએ નસબ જદ્દી વ હુસૈની શિરાઝી

હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શિરાઝી શાહનું નસબનામું (વંશાવળી)

(આપ હુસૈની સાદાત છે.)

હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શિરાઝી શાહ ઈબ્ને મોહમ્મદઅલી ઈબ્ને સૈયદ ઈનાયતુલ્લાહ ઈબ્ને સૈયદ ગુલમોહમ્મદ ઈબ્ને સૈયદ નિઝામુદ્દીન શિરાઝી ઈબ્ને સૈયદ અબ્દુલ રહેમાન ઈબ્ને સૈયદ ઈસા ઈબ્ને સૈયદ અલી શિરાઝી ઈબ્ને સૈયદ કાસીમ ઈબ્ને સૈયદ તાહિર ઈબ્ને સૈયદ ઝયનુદીન ઈબ્ને સૈયદ અકીલ ઈબ્ને સૈયદ ઈસ્માઈલ ઈબ્ને સૈયદ જાઅફર ઈબ્ને સૈયદ અલી શિરાઝી ઈબ્ને સૈયદ અબુલ અબ્બાસ શિરાઝી ઈબ્ને સૈયદ શાહ અબ્દુલ લતીફ ઈબ્ને સૈયદ ઈબ્રાહીમ ઈબ્ને સૈયદ અહમદ ઈબ્ને સૈયદ અબુલ હુસેન ઈબ્ને સૈયદ અલહસન ઈબ્ને સૈયદ અબુલ ફઝલ ઈબ્ને સૈયદ અબ્દુલાહ શિરાઝી ઈબ્ને સૈયદ સઅદ ઈબ્રાહીમ ઈબ્ને સૈયદ અબુલ કાસીમ શિરાઝી ઈબ્ને સૈયદ અબુલ મુકર્રમ ઈબ્ને સૈયદ અબુલ હરબ જાઅફર ઈબ્ને સૈયદ અબુલ મુફફખીર હારૂન હમીદુદ શિરાઝી ઈબ્ને સૈયદ અબુલ હાસીમ અકીલ શિરાઝી ઈબ્ને સૈયદ જાઅફર અકીલ શિરાઝી ઈબ્ને સૈયદ અબુલ ગનાઈમ ઈસ્માઈલ ઈબ્ને સૈયદ અલી અસગર હમીદુલ્લાહ ઈબ્ને સૈયદ મુરતુઝા આઝમ ઈબ્ને સૈયદ અબ્દુલ્લાહ ઈબ્ને સૈયદ અબીહાદી ઈબ્ને સૈયદ અલીહજતુલ્લાહ ઈબ્ને સૈયદ તકી ઈબ્ને સૈયદ મોહમ્મદ જાવાહરૂલ્લાહ ઈબ્ને સૈયદના ઈમામ અબ્દુલ્લાહ અલી રીદવાનુલ્લાહ ઈબ્ને સૈયદના ઈમામ સાલેહ ઈબ્ને સૈયદના ઈમામ અબ્દુલ્લાહ ઈબ્ને સૈયદના ઈમામ મુસા

કાઝીમ ઈબ્ને સૈયદના ઈમામ જાઅફર સાદીક ઈબ્ને સૈયદના ઈમામ મોહમ્મદ બાકીર ઈબ્ને સૈયદના ઈમામ ઝૈયનુલ આબેદીન ઈબ્ને સૈયદના શાહ ઈમામ મુસા બેરીન શહીદે કરબલા હઝરત ઈમામ હુસૈન ઈબ્ને સૈયદના શાહ ઈમામુલ ઔલીયા હઝરત અલીએ મુરતુઝા વ બિબી ફાતમતુ ઝોહરા વ સૈયદુલ મુર્સલીન હઝરત મોહમ્મદ મુસ્તુફા. સલ્લલ્લાહો અલયહે વસલ્લમ.

(રહમતુલ્લાહ અલયહે અજમઈન)

રિદવાનુલ્લાહે ત્આલા અલૈહીમ અજમઈન

(શહેનશાહે કાઠીયાવાડ)
હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શીરાઝી શાહ
(રહમતુલ્લાહ અલયહે)

મુ. કલારીયા શરીફ. તા. ધોરાજી. જી. રાજકોટ.

પીરાને પીર કુત્બે આલમ ગૌસુલ આઝમ કુદવ તુસ્સાલેકીન ઝબ્દતુલ વાસેલીન શમશુલ મશાઈખ ક્યુમે ઝમાં ઝિનતુલ અસફીઆ કુત્બુલ અકતાબ ગૌસેઝમાં સુલતાનુલ ઔલીયા હુઝુર સૈયદના શાહ ઔલાદે રસુલ હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શીરાઝી શાહ શહેનશાહે કાઠીયાવાડ હસની હુસૈની કાદરી શીરાઝી જીલાની રહમતુલ્લાહ ત્આલા અલયહે.

આપ હુસૈની સાદાત છે આપની માતાનું નામ હઝરત આમીના બીબી છે અને પિતાનું નામ હઝરત સૈયદ મોહમ્મદઅલી છે અને આપની માતાનું નામ સિલસિલએ નસબ હસની છે આપની જન્મની પહેલા આપના પિતાને સરકારે દો જહા હઝરત સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એ (ખ્વાબ) યાને સપનામાં

બશારત (ખબર) આપી કે આપને ત્યાં દીકરાનો જન્મ થશે તેનું નામ "મોહમ્મદ સાલેહ" રાખશો તે જન્મથી જ સાહીબે વિલાયત થશે તે પોતાના જમાનાના કુતુબ થશે અને તેની તાલીમ તરબીયત બગદાદ જઈને કરાવશો. આ બશારત મોહમ્મદ અલીએ તેમના પિતાને કહી સંભળાવી. આ બશારત સાંભળીને આપના પિતા બહુજ ખુશ થયા અમુક ટાઈમ બાદ આપનો જન્મ થયો. આપના જન્મની તા. ૩-૧-૧૦૦૦ હીજરી મોહર્રમની ત્રીજી તારીખે સુબહો સાદીક (સવારે) ના ૪-૩૦ ચાર કલાકને ત્રીસ મીનીટે શીરાઝ ગામે થયો. છે. શીરાઝ ઈરાન દેશનો એક બહુજ મોટું શહેર છે.

હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની હિદાયત મુજબ આપની તાલીમ પ્રત્યે પુરૂં દયાન આપવામાં આવ્યું હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ એ આપના વાલીદ પાસે પાંચ વર્ષની ઉમરમાં હાફીઝ થઈ ગયા પછી આપને બગદાદ મોકલવામાં આવ્યા ત્યાં આપ (૧૨) બાર વર્ષની ઉમરમાં આલીમ થઈ ગયા. જ્યારે આપ (૨૦) વીસ વર્ષના થયા ત્યારે બધા ઈલ્મમાં પ્રવિણ બની ગયા. જ્યારે આપની ઉંમર (૨૧) એકવીસ વર્ષની થઈ ત્યારે આપની શાદી થઈ. (અહી શાદીની વિગત દેવામાં આવી નથી. કારણ કે લખાણ લાંબુ થાય તેથી ટુંકુ કરીને લખ્યું છે.) આપ તસવ્વુફમાં મારેફત હાંસીલ કરતા રહ્યા. ટુંક સમયમાં આપ મારેફતનાં ઉંચા મુકામે પહોંચી ગયા.

પીરની તલાશ

આપ માદર જાત વલી હોવા છતાં પણ મુરશીદે પીર કામિલની તલાશ જરૂરી સમજીને નીકળી પડયા હવે આજકાલના

ઘણા એવા જાહિલ પીર પોતાના નફ્સ ખાતર એવા હોય છે કે ખુલમ ખલ્લા કહેતા હોય છે કે કોઈ પીરનો પીર હોય ખરો આ કેટલી જહાલત છે. હવે આપ રમઝાનની ર૭મી રાત્રે ઈબાદતમાં મશગુલ હતા. ઈબાદત પુરી કરી સહેરી કરીને આરામ ફરમાવી રહ્યા હતા તેવામાં હઝરત ગૌસે પાક તરફથી હુકમ થયો કે ઈદ કરીને તમો બગદાદ શરીફ આવી જાવ અને તમારા પીર મુરશીદથી બયઅત કરી લો (મુરીદ થઈ જાવ) પછી આપ ઈદ કરીને શીરાઝથી રવાના થયા અને આપ બગદાદ પહોંચીને ગૌસે પાકના દરબારમાં હાજરી આપે છે પછી ૧૧મી સવ્વાલના રોઝ બપોરે ઝોહરની નમાઝમાં શાહ જમાલુદીન કાદરીથી ભેટો થયો ત્યાંજ આપ તેમનાથી બયઅત કરી લીધી પછી તેજ સમયે શાહ જમાલુદીન કાદરીએ કાદરીયા સીલસીલાની ખિલાફત આપી. ખિલાફતમાં એક પાઘડી એક ખિરકો (ઝબ્બો) એક તસબીહ તે તસબીહ હઝરત ગૌસ પાકની છે તે પેઢી દર પેઢી ચાલી આવતી રહી તે તસબીહ શાહ જમાલુદીન પાસે આવી અને શાહ જમાલુદીન કાદરીએ હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શીરાઝી શાહને આપી. (પછી આપે આપના દીકરાને અર્પણ કરી) પછી જેમને ગાદી વારસ નીમે તે ચીજો તેમની પાસે જાય તે તસબીહ આજે મોજુદ છે. અને હાલ હાજી મોહમ્મદ મુસ્તફા શીરાઝી શાહ ધોરાજીવાળા પાસે છે તે (જવાહર મોહરાની છે) અને પછી આપને ઘણા બુઝુર્ગોથી ભેટો થયો અને હઝરતને ખિરકાએ ખિલાફત અર્પણ કરતા રહ્યા હઝરતને ૧૪ જુદા જુદા બુઝુર્ગોથી ખિલાફત મળેલ છે ખિલાફત જે ગાદી પર આવે તેને તે બધી ખિલાફતની ચીજો મળે છે.

એક દિવસે આપને સરકારે મદીના સલ્લલ્લાહો અલયહે વસલ્લમે બસારત આપી કે તમો પહેલા મદીના શરીફ આવો પછી

હિન્દુસ્તાનની તરફ જાવ અને ઈસ્લામની તબલીગ કરો જ્યાં મુસલમાનો ઉપર બહુ જ અત્યાચાર થાય છે ત્યારે સૈયદ મોહમ્મદ સાલેહ અર્ઝ કરીકે યા રસુલુલ્લાહ મે એ હિન્દુસ્તાન જોયું નથી. તો કહેવામાં આવ્યું કે કાઠીયાવાડમાં એક એવી જગ્યા છે ત્યાં રોજ ચોરી છુપીથી મુસલમાનોની બલી (વધ) ચડાવવામાં આવે છે અને તમે જ્યાં જશો ત્યાં તમોને તમારો માર્ગ મળી જશે. ત્યાર બાદ આપે સવારમાં ઉઠીને આપના મા સાહેબમાંને આ બશારતની વાત કહી સંભળાવી માં સાહેબમાં બહુજ ખુશ થયા અને કહ્યું કે બેટા હવે અહી આપણે રહેવુ ન જોઈએ ત્યાર બાદ આપના પિતા તથા કેટલાક આપના મુરીદો તથા આપના ભાઈઓ તથા માનવાવાળા આપની સાથે મદીના શરીફ તરફ રવાના થયા મદીના મુનવ્વરા પહોંચતા જ આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના દરબારમાં હાજરી આપી અને સલામ અર્ઝ કરી કે અસ્સલામો અલયકા યા જદદી જવાબમાં ફરમાવ્યું કે વઅલયકુમ અસ્સલામ યા વલદી ત્યાર બાદ સરકારના દરબારમાંથી હુઝુર સરકારે દો આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો (મુબારક) દસ્ત મુબારક નીકળતા આપ એ સરકારે દોજહાના દસ્તે મુબારકને ચુમ્યું ચુમતી વેળા આપે સરકારના દરબારમાં અર્ઝ કરી યા રસુલૂલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ, સવાલ કે હિન્દુસ્તાન જાઉ ખરો પણ મારી આપના દરબારમાં થોડીક અર્ઝ છે. આપે ફરમાવ્યું કહો શુ અર્ઝ છે તમારૂ શું કહેવાનું છે. આપે અર્ઝ કરીકે આપના દરબારમાં (૨૫) પચીસ વખત હાજર થાઉં. ત્યાર પછી ૧૭૦ વર્ષની ઉમરની દુઆ માંગી. એવી રીતે ૧૮૦ દુઆ માંગવામાં આવી. આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) ફરમાવ્યું કે ૧૮૦ તો શું પણ ૧૦૦૦૦૦ અને ૧,૮૦૦૦૦ દુઆ

કબુલ છે. પછી સરકારે દો આલમ એ ફરમાવ્યું કે અય મારા બેટા તમો બગદાદ જઈને તમારી અમાનત લઈ આવો ને ત્યાંથી હિન્દુસ્તાન તરફ જાઓ અને દીને મોહમ્મદીની તબલીગ કરો ત્યાં મુસ્લીમો ઉપર ઝુલ્મ થાય છે. હિન્દુસ્તાનનો કાઠીયાવાડ ઈલાકો છે ત્યાં જવાનું છે. ત્યાં વધુ પડતું કુફ્રસ્તાન દેખાશે જયારે સવાલ જવાબ પુરા થયા પછી સૈયદ મોહમ્મદ સાલેહ શિરાઝી (રહેમતુલ્લાહ અલયહે) એ મદીના મુનવ્વરા શરીફથી બગદાદ શરીફ તરફ રવાના થયા. અને મદીના શરીફથી બગદાદ આવી પહોંચ્યા. અને હઝરત ગૌસે પાક રદીઅલ્લાહો અન્હોના દરબારમાં હાજર થયા તે જ સમયે આપને ગૌસપાકના રોઝામાંથી અવાજ આવ્યો કે એય મારા બેટા આ તારી અમાનત છે જેને લઈ જાવ. થોડીકવારમાં રોઝાની અંદરથી એક પેટી લઈ ચાર માણસો આવ્યા અને પેટી (સંદુક) આપની સામે રાખી દીધી. પછી તે માણસો રોઝાની અંદર ચાલ્યા ગયા. પછી રોઝાની અંદરથી અવાજ આવ્યો કે એય મારા બેટા મોહમ્મદ સાલેહ આ સંદુક લઈને હિન્દુસ્તાન તરફ જાવ ત્યાં તમોને તમારો માર્ગ મુકામ (ઠેકાણું) શોધવા માટે મુશ્કેલી નહી પડે. પછી આપ રહમતુલ્લાહ અલયહ ૧૧ અગીયાર દિવસ બગદાદ શરીફ રોકાયા પછી ત્યાંથી ગૌસપાકના હુકમથી ચાર સુમરાહઓના માણસો આવ્યા અને પછી ત્યાંથી સિંધની તરફ રવાના થયા અને સિંધમાં પહોંચ્યા. આપ નગર ઠઠા આપના પુર્વજોની મજારો છે સૈયદ અકીક શિરાઝી, સૈયદ હાસીમ શિરાઝી તથા બીજા શિરાઝી બુર્ઝુગોની મજારો છે. અને સૈયદ અલી શિરાઝીની મજાર છે. અમુક દિવસો રોકાયા પછી ત્યાંથી રવાના થયા. અને કચ્છની તરફ આવ્યા અને રસ્તામાં જયાં જયાં ઈસ્લામની તબલીગ કરવા જેવું દેખાતું ત્યાં

હઝરત ઈસ્લામ ફેલાવતા રહ્યા હતા. અને ત્યાં પડાવ નાખતા અને દીની તબલીગ કરતા હતા. કચ્છમાં અમુક ટાઈમ રોકાયા અને ત્યાંજ આપના એક ફરજંદને રાખતા ગયા છે. માંડવી પાસે ત્યાં તે ગામનું નામ 'થન' છે ત્યાં ઔલાદ શિરાઝી સાદાત છે. તેઓ હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શિરાઝી શાહ રહેમતુલ્લાહ અલયહની છે.

- કરામત -

હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ ફરતા ફરતા તે જ જગ્યાએ પહોંચી ગયા કે જ્યાં હાલમાં કલારીયા છે. ત્યાં પહોંચ્યા એટલે તે સંદુક જમીન ઉપર મુકી અને જમીન પર તે સંદુક ચોટી ગઈ અને આપે ત્યાં પડાવ નાખ્યો. આ તે જગ્યા હતી કે જ્યાંનો હુકમ સરકાર તરફથી મળ્યો હતો ત્યાં જ પહોંચી ગયા. બાદ આ જગ્યામાં કુફ્ફાર લોકોનો મેળો ભરાતો હતો. અને તે મોટો વિશાળ મંદીરનો ચોક હતો, એટલે બુત પરસ્તીનો ચોક હતો. એટલે બુત પરસ્તીવાળાઓનું ઠેકાણું હતુ ત્યાં બહુ મોટુ મંદીર હતુ. ત્યાં રોજ એક મુસલમાનને કાપીને મંદીરમાં ચડાવવામાં આવતો હતો. પછી આપની સાથે ચારેય મુરીદોએ હઝરતને કહ્યું કે આ વિસ્તારમાં મુસલમાન એક પણ નથી. હઝરત આ તો કુફ્ફારોની જગ્યા છે. હઝરતે જવાબ દીધો કે આપને તો અલ્લાહના રસુલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના હુકમથી આ જગ્યાનું કહ્યું છે. અને ગૌસ પાકે આપણને આ તબર્રૂકાત આપી છે જેવી અલ્લાહની મરજી હશે તેમ થશે. આપણે ઈસ્લામ ફેલાવવા માટે અહી આવ્યા છીએ નહિ કે આરામ કરવા માટે. અને આપની સાથે આપના પીરો મુરશીદ હઝરત સૈયદ શાહ જમાલુદીન મોહમ્મદ કાદરી પણ હતા. (હઝરતનું મઝાર પણ કલારીયામાં જ છે.)

હાલમાં લોકો તેઓને હાજી પીરના નામેથી ઓળખે છે. આપની મઝારના પાસે એક બોરડીનું ઝાડ છે. એય ભાઈઓ આ હઝરતનો હાલ છે તો આપના પીરો મુરશીદનો શો હાલ હશે. હઝરતે આપના પીરો મુરશીદની સાથે સલાહ મશવરો કર્યો અને સવારના પહોરમાં આપે સંસ્કૃત ભાષામાં એક પત્ર લખ્યો. અને ત્યાના પુજારી તરફ રવાના કર્યો. જ્યારે આ કાગળ મંદીરના પુજારીની પાસે પહોંચ્યો તો તે પત્ર લઈને જાગબાઈ ચારણીચાણીની પાસે ગયો અને કહ્યું કે આ પત્ર આવ્યો છે. અને તેમાં તેઓએ લખ્યું છે આ બધુ તુત બંધ કરો. અને મુસલમાનોની બલી ચડાવવાનું બંધ કરો અને જો તે ચાલુ રાખશો તો તમારી ખેર નથી. અને ફકીર લોકો જ્યાં બેસે છે ત્યાંથી ઉભા થતા નથી. જાગબાઈ આ ટપાલ વાંચીને ખારી ધુંધવા જેવી થઈ અને કહ્યું કે આ ફકીરની મોત ગંધાણી છે એટલે અહીયા આવ્યો છે. તેણે પુજારીને કહ્યું કે તેમને કહી દે કે જાગબાઈની પાસે જેવા તેવાનું કઈ આવતું નથી. તે પુજારી હઝરતની પાસે આવ્યો અને બધુ કહી સંભળાવ્યું. હઝરત સાંભળી હસીને જવાબ આપે છે એ હું સમજી લઈશ. પછી પોતાની (ચાખડી) ને કહ્યું જા બધાની ખબર લઈ આવ એમ કહીને તે ચાખડીને હવામાં ફેંકી તે ચાખડી પહેલા જ જાગબાઈની પાસે જ ગઈ અને ત્રણ ચાર વખતે તેના માથા પર ટકરાણી એમ ફરતા ફરતા બધાના માથા ઉપર થઈને પુજારી પાસે ગઈ અને પુજારીને ત્રણ વખત માર્યું અને ફરી બધાના માથામાં મારતી ગઈ. અને બધાનું જાદુ નષ્ટ થઈ ગયું પછી તે ચાખડી હઝરતના પગમાં આવી ને પડી. હઝરતે તે ચાખડીને કહ્યું કે શું તે બધાનો વારો લઈ લીધો તો તે ચાખડી પાછી ઉડીને જેમાં એક જણ રહી ગયો હતો તેના માથામાં એક વખત પડી ને પાછી આવી ગઈ. જ્યારે આ બનાવ બન્યો તો જાગબાઈને થયું કે હવે

આપણું આવી બન્યું છે. અને કહેતી હતી કે તે લોકોની ચાખડીમાં આટલી અસર છે તો તેઓમાં કેટલી અસર હશે.

તો પણ તેનુ તથા તેના માણસોનું ઘમંડ ઓછું થતું નથી. તો પણ હઝરત તે લોકોથી સુલેહ કરી લેવા તૈયાર હતા. પણ શરત એ કે તે બધા ઈસ્લામ કબુલ કરે તો આપણે કશું કરવુ નથી પણ તે પુજારી અને જાગબાઈએ કહ્યું કે લડાઈ માટે તૈયાર થઈ જાવ. હવે હઝરતના પક્ષમાં કુલ નાના મોટા ૬૩ માણસો હતા. તેમા પણ ઔરતો શામીલ હતી અને લડાઈ કરી શકે તેવા ૩૭ માણસો હતા. અને સામા પક્ષે હજારોની સંખ્યા હતી. પણ હઝરતને એમ હતુ કે સુલેહ થાય તો લડવુ નથી. પછી હઝરતે ફરી પત્ર લખ્યો અને આપની મહોર કરી. લી. ખાદીમે કોમ

સૈયદ મોહમ્મદ સાલેહ શિરાઝી કાદરી તરફથી તે પત્ર વાંચી બુતખાનાના પુજારી બહુજ ગુસ્સે થયા અને કહેવરાવ્યું કે જો તમારે રહેવુ હોય તો સહી સલામત બીજે પડાવ નાખો. નહીતર જો તમારે મોતના ઘાટ ઉતરવુ હોય તો ત્યાંજ રોકાશો. હઝરત તે પુજારીનો જવાબ સાંભળીને તેની પાસે ગયા અને તેને ઈસ્લામ લાવવા માટે બહુ સમજાવ્યો પણ તે પુજારી માન્યો નહી અને ઉધ્ધતાઈથી કહ્યું કે લડાઈ માટે તૈયાર થઈ જાવ. તો પણ હઝરતે નરમાશથી વાત કરી તો પુજારી બહુ જ બકબક કરવા લાગ્યો. તો હઝરતને તેમના ખલીફા હઝરત યાકુબ સુમરાહએ અર્ઝ કરી કે યા પીર મુરશીદ આપ હુકમ આપો તો આ બદબખ્તને કતલ કરી નાખું. હઝરતે કહ્યું કે આપણે એમ કરવું નથી. તેને હજુ સમજાવવું છે. તો તે પુજારીએ હઝરતની તરફ તીર ફેંક્યુ. હઝરતની નિગાહ તે તીર ઉપર પડી તો તે તીર ફરીને પુજારી તરફ ગયુ અને તેના પગમાં ખુંચી ગયું. આ કરામત જોઈને તે પુજારીને પોતાના શરીરમાં

ધ્રુજારી આવી અને પડી ગયો. હઝરત ત્યાંથી પોતાની જગ્યા પર આવી ગયા. પછી સવારના પહોરમાં તે પુજારી તરફથી લડાઈની નોબત વાગી. હઝરતે મુરીદો તથા ખલીફાઓને તથા બીજાઓને તૈયાર રહેવાનું કહ્યું એટલે બધા તૈયાર થઈ ગયા. પણ સામે પક્ષ પાસે સાધન સામગ્રી પુરી હતી. તો હઝરતને કહ્યું કે યા હુઝુર આપણી પાસે તલવાર નથી તો એક વાંસ ફાડીને તે ખપાટની તલવાર થઈ ગઈ અને બખ્તરની વાત આવી તો હઝરતની દુઆથી બખ્તર પણ મલી ગયા. પછી પુજારીએ પોતાનું જાદુ બધા ઉપર ફેક્યુ પણ જાદુની અસર કોઈના ઉપર ન થઈ. તેનું બધુ જાદુ હઝરતે નષ્ટ કરી દીધુ. પછી તેઓએ મરણીઓ હુમલો કર્યો. પછી ત્રણ દીવસ સુધી ઘમસાણ યુદ્ધ ચાલ્યું અને છેવટે આ મંદીરનો કબજો થઈ ગયો અને આપણામાંથી એકની શહાદત થઈ અને સામેના પક્ષનો કચ્ચરઘાણ નીકળી ગયો અને જે પુજારી સાથે વાતચીત થઈ હતી તેનો નામો નિશાન ન રહ્યો. પછી આપે તે જગ્યામાં સાફ સુફી કરીને કલારીયા ગામ વસાવ્યું.

જે પેટી (સંદુક) ગૌસ પાકના દરબારમાંથી મળી હતી તે ઉપર મકાન ચણી લીધુ અને તેની સામે મદ્રેસો કાયમ કર્યો અને મસ્જીદનો પાયો નાખી દીધો. જે પેટી જે જગ્યાએ ચોટી ગઈ છે તે જગ્યાને મોટા પીરની ડેલી કહે છે. હઝરતે તે પેટી ઉપર મકાન ચણીને ફરમાવ્યું કે આ જગ્યાને પાક સાફ રાખશો. મારા પછી તે જગ્યા ઉપર કબર બાંધશો નહી. અથવા ગૌસ પાકનો છીલો જાહેર કરશો નહી. (હઝરતના ફરમાનને બધી ઔલાદ વંશપરંપરા તેજ હાલતમાં માન્ય રાખી છે) તે જગ્યાંએ કબર અથવા છીલો જાહેર કરેલ નથી.

જયારે હઝરતે કલારીયા ગામ વસાવ્યું ત્યાં એક મોટી

દીની દર્સગાહની સ્થાપના કરી તેનુ નામ દારૂલ ઉલુમ કાદરીયા શિરાઝી ચાહ રાખેલ. આપ ખુદ ત્યાં બધાને તાલીમ દેતા હતા, આપ તથા આપના મોટા સાહેબજાદા હઝરત કામુશાહ કાદરી જે વલીએ કામીલ છે તે અને ચાર ખલીફા બધાને પઢાવતા હતા. અને અખાડો શીખવતા તીરઅંદાઝી ઘોડે સવારી શીખવતા. આપ ખામોસી પસંદ ઈન્સાન હતા. નરમી ખુબ હતી. ગમે તે ઈન્સાન આપની પાસે આવે તો તેની આપ ખુબ ઈઝઝત કરતા હતા પછી આપ તેને પાણી આપતા ખાવાનું સામે તરત આવી જતુ પછી તેની વાત શાંતીથી સાંભળતા હતા. કોઈને પણ ગરમ એટલે ગુસ્સે થઈને જવાબ આપેલ નથી. આપ બધાથી નરમીથી પેશ આવતા હતા. બધાને તે જ શિખામણ આપતા હતા કે ખુદાએ પાકને નરમી ખુબ પસંદ છે માટે નરમી અખ્તીયાર કરો. આપની પરહેઝગારીનુ તો શુ પુછવું શરીયતે મુહમ્મદી પર સખ્ત રીતે પાબંદ હતા. ખાવામાં, પીવામાં, સુવામાં, બેસવામાં, ઉઠવામાં, વાત કરવામાં ટુકમાં દરેક રીતે પાબંદ હતા. આપ જ્યારે દીનની તબલીગના દોરા ઉપર જતા હતા ત્યારે તેમની સાથે આપના ફરજંદ અકબર (એટલે મોટા દીકરા) જેને હઝરત કામુશાહ કાદરી કહે છે. અને વારાફરતી એક ખલીફા સાથે રહેતા હતા.

આપ પયદાઈશી વલી હતા. આપ બચપણમાં ક્યારેય ખેલકુદમાં ગયા નથી. બાળવયથી જ ઈબાદતમાં મશગુલ રહેતા હતા. આપે (૨૫) પચીસ હજ કરે છે. (હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની નઝરથી.

આપ ખુબસુરત અને આપનુ શરીર મુબારક સુડોળ હતુ.

આપ પાતળા હતા. પહેરવેસ માટે સાદો ફુળતો ગોઠણ ઉપર સુધી શેરવાની અને સલવાર અને ક્યારેક મોટો લાંબો ડગલોય પહેરતા હતા. અમામો (પાઘડી) કાળા કલરનો ક્યારેક શિરાઝી (ચોકલેટ) કલરનો ક્યારેક સફેદ ક્યારેક લીલા કલરનો આ ચાર કલરની પાઘડી પહેરતા હતા. પગોમાં અસલી ઈરાની મોજડીઓ પહેરતા હતા આપ ખુબ જ સાદગીથી રહેતા. આપને ખાવા પીવા પર સખ્ત કંટ્રોલ હતો.

– કરામત –

આપ એક વખત દીનની તબલીગના દોરામાં જઈ રહ્યા હતા ત્યાં આપને એક જાદુગરથી ભેટો થયો. આપનો ચહેરો મુબારક એટલો જલાલવાળો લાગતો હતો કે ન પુછો વાત. આ જાદુગર પોતાના જાદુના જોરથી જાણી લીધુ કે આ મુસલમાનોની ખાસ હસ્તી છે. એટલે તેણે હઝરતની બારગાહમાં કદમ બોસી કરીને હઝરતને પુછયું કે એય મુસલમાનોના ધર્મ ગુરૂ શું આપ અહી ઈસ્લામ ફેલાવવા માટે આવ્યા છો. આપે કહ્યું હા. પેલા જાદુગરે કહ્યું કે તમો મુસલમાનોના ધર્મગુરૂ લાગો છો. હઝરતે જવાબ આપ્યો કે મુસલમાન લોકો મને ધર્મગુરૂ કહે છે. તેના પછી ઘણી ચર્ચા થઈ. પછી થોડીક જ વારમાં તેનું જાદુ જે હતુ તે બધુ નષ્ટ થઈ ગયુ તે ખાલી થઈ ગયો. તેણે કહ્યું આપ મુસલમાનોના ધર્મગુરૂ તમોએ મને શું કર્યુ. હઝરતે કહ્યું કે શું થયું. તેણે કહ્યુ કે તમારાથી વાતચીતમાં મારૂ જાદુ નષ્ટ થયુ ચાલ્યું ગયું. હઝરતે તે જાદુગરને કહ્યું કે એય જાદુગર આવુ જાદુ શું કામનું છે કે મારા જેવા ફકીરથી વાત કરતા તારૂ ઈલ્મ ચાલ્યુ જાય અને તુ એવુ ઈલ્મ શીખ કે કયામત સુધી તારી તથા તારી ઔલાદને તથા તારા મરી ગયા પછી પણ એ ઈલ્મ કામ આવે અને કયામત સુધી કામ આવે. પેલા

જાદુગરે કહ્યું કે તમોએ મારૂ જાદુ નષ્ટ કરી નાખ્યુ. હું આ જાદુ એટલા માટે શીખ્યો હતો કે મારૂ તથા મારી ઔલાદનુ ભરણપોષણ કરૂ. હવે મારૂ ગુજરાન કેવી રીતે ચાલશે. હઝરતે જવાબ આપ્યો કે કુદરત ઉપર ભરોસો નથી. જો તે બધાને જીવાડે છે અને બધાને મારે છે અને બધાને રોજી આપે છે જે બધાનો ખુદા છે. અને તેજ ખુદા દરેકનો માલીક છે. હઝરતે એ જાદુગરને ઈસ્લામ વિશે એટલી માહિતી આપી કે જેટલો તે જાદુગર ઈસ્લામથી નફરત કરતો હતો એટલો તે તેનાથી વધુ તે જાદુગર ઈસ્લામની નજીક આવતો ગયો. કે છેવટે હઝરતની દુઆથી મુસલમાન થઈ ગયો. હઝરતના હાથ પર ઈસ્લામ લઈ આવ્યો. પછી હઝરતે તે માણસ પર તવઝો કર્યો તો તે વલી બની ગયો. તેનુ નામ જીવો હતો તે જાતનો કોળી હતો પછી તેનું નામ અબ્દુલ ખાલીક રાખ્યુ અને તેની ઔરતનું નામ ફાતમાબાઈ રાખ્યુ. પછી હઝરતના હાથ ઉપર બયઅત (મુરીદ થઈગયો) કરી.

સુબ્હાનલ્લાહ શું અલ્લાહવાળાઓની શાન છે કે સમજાવવાની રીત કેવી સરસ જયાં કરામત દેખાડવાની જરૂરત હોય ત્યાં કરામત દેખાડે છે અને જયાં સમજાવવાની જરૂરત હોય ત્યાં સમજાવે છે.

મોટા મોટા જાદુગર પણ હઝરતના હાથ પર ઈસ્લામ લાવ્યા છે. આજકાલ એવી ટોળી નીકળી પડી છે કે પોતાની જાતને તબલીગી કહેતા ફરે છે. ખરેખર તે દીનની, તબલીગ નથી પણ નફસની તબલીગ કરે છે. ઈમાનને બગાડવાવાળા છે. ઈસ્લામમાં ફેરફાર કરવાવાળા છે. અલ્લાહ આવી ટોળીઓથી બચાવે આમીન.

Scanned with OKEN Scanner

હઝરત મોહમ્મદ સાલેહ શિરાઝી (રહેમતુલ્લાહ અલયહે) બુતખાનામાં જઈને ઈસ્લામની તબ્લીગ કરતા હતા. આપને મદીના શરીફથી ઓર્ડર હતો કે બુતખાનામાં તમારી તબલીગની જરૂરત છે. હઝરત જયાં જતા હતા ત્યાં લિલો ઝંડો લગાવીને જતા હતા. ઈસ્લામની બોલબોલા કરીને આવતા હતા. ગુજરાતમાં ખાસ કરીને કાઠીયાવાડમાં ફાયદો ખુબ આપ્યો આજે ઉપલેટામાં કેટલાક ઘરો છે તે હઝરતના હાથ પર ઈસ્લામ લઈ આવ્યા છે. આજે તેના જ વંશના લોકો હઝરતની દરગાહ ઉપર આવે છે અને ફૈઝ હાસીલ કરે છે.

– કરામત –

એક વખત આપ અમદાવાદ તશરીફ લઈ ગયા ત્યાં જુમા મસ્જીદમાં હઝરતનો ઉતારો હતો. ત્યાં ઘણા આલીમો આપની સેવામાં આવ્યા. આપે આલીમોની ખુબ ઈઝ્ઝત કરી. જે આલીમો હઝરતની પાસે આવતા હતા તે આલીમો હઝરતના શાગીર્દ હતા. તેઓ એક મસઅલો (સવાલ) લઈને આવ્યા હતા. હઝરતે તે મસઅલો જોઈને કહ્યું આ મસઅલો પહેલે અધુરો છે. પછી આપે કહ્યું કે તેમાં કઈ મુંજાવાની જરૂર નથી. અને આપે જવાબ આપ્યો. મસઅલાનો જવાબ સાંભળી આલીમો ખુશ થયા.

અને કહ્યું કે હઝરત આ મસઅલામાં અમે ઘણા ટાઈમથી ગુચવણમાં મુકાઈ ગયા હતા. આપના આવવાથી હલ થઈ ગયો. આપે ફરમાવ્યું કે જે કોઈને મસઅલા બાબત વાંધો હોય તો અમારી પાસે આવશો બનતી કોશીશ કરશું. સુબ્હાનલ્લાહ અલ્લાહવાળાઓની વાતમાં ક્યાંય હું શબ્દ આવતો જ નથી.

Scanned with OKEN Scanner

આપ નમાઝ બાબત ઉપર ખુબજ દયાન આપતા હતા. નમાઝની સખ્ત રીતે પાબંદી કરતા કરાવતા હતા. હઝરત કોઈપણ બાબતથી સખ્તી કરતા ન હતા પણ નમાઝની બાબત પર બહુ ભાર મુકતા હતા. કહેતા હતા કે બે નમાઝીથી દોસ્તી રાખવી નહી. બને ત્યાં સુધી નમાઝને કઝા થવા ન દેવી જોઈએ. આપની પાસે આપની ઔલાદ મુરીદો અકીદતમંદો આવતા તેની અંદર જો કોઈનીભી ફઝરની નમાઝ કઝા થઈ ગઈ હોય તો તેનાથી આખો દિવસ બોલતા નહી અને મહેફીલમાં બેસવાનું નહી. અને ફરમાવતા હતા કે બે નમાઝી માટે અલ્લાહે ખુબ સજા રાખી છે. આપની પાસે કોઈ તાવીઝ લેવા આવતો તો મકરૂહ સમય ન હોય તો વઝુ કરાવીને બે રકાત નફલ પડાવતા હતા. અને તેના બાદ તાવીઝ આપતા હતા. આપ ફરમાવતા હતા કે જેની ફજરની નમાઝ કઝા તેનો દિવસ આખો ખરાબ અને જે રાતે ઈશાની નમાઝ ગઈ તે રાત ખરાબ. આપ નમાઝની બાબત ઉપર કોઈની પણ શરમ રાખતા નહી. બેશક અલ્લાહવાળાઓની વાત અને શાન નિરાલી છે.

– સાધુમાંથી શાહ દુલ્લાહ –

– કરામત–

આપની પાસે સરકાર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નું નામે પાક લેવામાં આવતું તો હઝરતને વઝદ આવી જતું. આપ કલારીયાથી થોડે દુર સોડવદર ગામ છે ત્યાંથી થોડે દુર રોઘેલ ગામડુ છે ત્યાં એક સાધુની ઝુપડી હતી. તે સાધુ અઘોરી હતો. હઝરત ત્યાં રોકાયા અને સાધુને કહ્યું કે મારા માટે પાણી ભરી આવ. તે સાધુ પાણી લેવા ગયો તેજ સમયે કોઈએ (સરકારે

મદીનાનું) નામ લઈ લીધુ. આપને તેજ સમયે વઝદની હાલત છવાઈ ગઈ. પેલા સાધુએ તેજ વખતે પાણી ભરીને આવ્યો. તે સાધુ હઝરતને વઝદની હાલતમાં જોઈને કહેવા લાગ્યો કે પાણી જ્યારે ત્રીજા વખતે પાણી કહ્યું તો હઝરત વઝદની હાલતમાં કહ્યું કે મેં ભી શાહ ઓર તુ ભી શાહ જા શાહદુલ્લાહ શાહ.

નિગાહે મર્દે મોમીન સે બદલ જાતી હય તકદીરે આટલુ કહેવાનુ હતું કે સાધુમાંથી શાહદુલ્લાહ થઈ ગયા. આપની એક નિગાહમાં વલીએ કામીલ બની ગયા. પછી આપે તેમને બથમાં લઈને મુશાફો કર્યો તો શાહદુલ્લાહની છાતી નુરથી ભરપુર થઈ ગઈ. છાતીથી છાતી મીલાવીને નુર ભરી દીધુ. તેજ વખતે તેમણે કલમો પઢી લીધો તેમની જટાયુ (વાળ) વધુ મોટા હતા. હઝરતે તેમના માથા પર હાથ ફેરવ્યો તેજ સમયે બધા વાળ જમીન પર પડી ગયા. તેમણે હઝરતને કહ્યું કે મારા હાથમાં નખ બહુ મોટા થઈ ગયા. છે. આપે તેના નખ ઉપર થુક લગાવી દીધી. તેજ વખતે તે નકામાં નખ નિકળી ગયા. અને સારા નખ આવી ગયા. પછી હઝરતના મુરીદ બની તેજ વખતે હઝરતે તેમને ખીલાફત આપી. કાદરીયા શીરાઝીયાની અને હઝરતની સાથે દીનની તબલીગમાં નીકળી ગયા.

આપની નમાઝનું તો શું પુછવું. સખત પાબંદની સાથે અદા કરતા હતા. અને હઝરતની સાથે પાંચ હજ્જ ચાલીને અદા કરી છે. હઝરત સૈયદ મોહમ્મદ સાલેહની ખીદમત ખુબ કરી છે. આપની ઈસ્લામ પછીની જીંદગી ગુલામે મુસ્તુફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના તરીકે વિતાવી છે. શિરાઝી શાહની સોબતની એ અસર હતી. હઝરત શાહદુલ્લાહ ૩૦ વર્ષ સુધી

ઈસ્લામની ખીદમત કરી છે. ઈસ્લામ લાગ્યા બાદ ૩૦ વર્ષ જીવતા રહ્યા. પછી રોઘેલ મુકામે ૧૪ રબી ઉલ આખરના દિવસે (હીજરી સ. ૧૧૦૬) માં આપનો વિશાલ થયો. (ઈન્નાલિલ્લાહે વ ઈન્ના અલયહે રાજેઉન) હઝરતની ઔલાદની યાદી અમારા પાસે નથી. આજે લોકો શાહ્દુલ્લાહશાહ થી યાદ કરે છે. આ અલ્લાહ વાળાઓની સોબતની અસર છે. આજ કાલ એવી ટોળકી નીકળી પડી છે કે અલ્લાહવાળા મરીને માટીમાં ભળી ગયા છે. મઆઝલ્લાહ (આવુ કહેવા વાળાઓ ગુમરાહ છે) સાંભળો આજે તેઓના દરબારમાં લોકો ભીખ માંગવા જાય છે. અને અલ્લાહનાં દોસ્તોનો ફૈઝ મલે છે. ઈન્શાઅલ્લાહ તા કયામત સુધી તેમનો ફૈઝ કાયમ રહેશે.

– કરામત –

એક વખતે હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શિરાઝી શાહ એક પારસીની અગ્યારીમાં ગયા. ત્યાં અગ્ની પુજકોમાં બે ભાઈઓ બેઠા બેઠા અગ્નીની પુજા કરી રહ્યા હતા. જયારે તે અગ્ની પુજાથી પરવારીયા એટલે હઝરતે તે બન્ને પુજારીને ઈસ્લામની દાઅવત આપી. અને કહ્યું કે એય અગ્ની પુજક તમે અગ્નીની પુજા જીંદગીભર કરી અને અગ્ની સામે તમે પોતે પોતાની પેશાની શ્રદધાપુર્વક (અકીદતથી) ઝુકાવી પુજા કરી છે તો તે અગ્ની તમારૂ માન રાખતી તો હશે ને ? હઝરતનો આ સવાલ સાંભળીને બન્ને જણ ખુબ વિચારમાં પડી ગયા. પછી હઝરતને કહ્યું કે તે તો આગ છે તે કોઈના સંબંધમાં થોડી થતી હશે તે તો આગ છે તો હઝરતે કહ્યું. જીંદગીભર તેની સાથે બેસીને પુજા કરી પણ તમારૂ જરા પણ માન ન રાખે તો તે પુજા શું કામની. ફરી પણ બન્ને વિચારમાં પડી ગયા. થોડીકવાર બાદ હઝરતે બન્ને જણને કહ્યું કે આપણે ત્રણે આ

Scanned with OKEN Scanner

આગની અંદર હાથ નાખી દઈએ જેનો હાથ ન બળે (દાઝ ન લાગે) તો તેના ધર્મમાં ચાલ્યો જાય. થોડીકવાર તો બન્ને ખામોસ રહ્યા. અને પછી કહ્યું કે (એક બીજા સામે જોઈને) કહ્યું કે મંજુર છે. તો પહેલા હઝરતે આગમાં હાથ નાખ્યો. પછી બન્ને જણે હાથ નાખ્યો તો તુરત જ બન્ને એ હાથ મુકતા જ બન્ને એ જોરદાર ચીખ મારી અને બુમાબુમ કરી મુક્યું. બન્નેના હાથ બળી ગયા. જ્યારે હઝરતના હાથ મુબારકને કશી આંચ આવી નહી. અને આગમાંથી હાથ બહાર કાઢીને દેખાડયો તો હઝરતનો હાથ સહી સલામત જોયો. પછી બન્ને જણને હઝરતે કહ્યું કે તમારા હાથ મારી સામે રાખો બન્ને જણે હઝરતની સામે હાથ રાખ્યા. બન્નેના હાથ ઉપર હઝરતે પોતાની લુઆબ (થુક) લગાડી દીધી. જેવી બન્નેના હાથ ઉપર થુક લગાવી કે તુરત જ હાથ સરસ થઈ ગયા. આ કરામત જોઈને બન્ને જણ કલ્મો પઢી મુસલમાન થઈ ગયા. હઝરત કોઈને મુસલમાન બનાવતા ત્યારે (૭) સાત શીખામણ આપતા હતા. (૧) અલ્લાહ અને તેના રસુલની ફરમાબરદારી કરવી અને તેમના હુકમોનું સખત પાલન કરવું. (૨) નમાઝને કઝા થવા દેવી નહી બનતા સુધી (૩) સબ્રને હર વખત સાથે રાખવું. (૪) ખોટુ ન બોલવું. (૫) હલાલ કમાણી ખાવી અને ખવરાવવી. (૬) ખામોશી અખ્તીયાર કરવી. (૭) ઈસ્લામ શીખડાવવું. આ ઉપરનો બનાવ ઈરાનમાં તહેરાન શહેરમાં થયેલ છે. હઝરત સૈયદ મોહમ્મદ સાલેહની ફારસી ભાષા માદરી હતી. આપ હજ અને ઝીયારતે રોઝએ મુબારક સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જતા હતા ત્યારે એ બનાવ બન્યો હતો. આ હજ હઝરતનો (૧૭) સત્તરમો હજ હતો. આપે બન્ને જણ પારસીને જહન્નમના અઝાબમાંથી કાયમી ઉગારી લીધા. અને જન્નતી બનાવી દીધા. તે બન્ને ને હઝરતે વલી બનાવી દીધા.

હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શિરાઝી શાહએ લાખો બુત પરસ્તોને ખુદા પરસ્ત બનાવી દીધા છે. આપે આપની આખી જીંદગીમાં (યાને ઉમર શરીફમાં) ૧,૩૨૦૦૦ એક લાખ બત્રીસ હજારને મુસલમાન બનાવ્યા છે અને આપે (૯૩૦) નવસો ત્રીસ માણસોને વિલાયતના દરજ્જે પહોચાડીયા છે. આપને એક લાખ હદીષ શરીફ યાદ હતી આપે આપના હાથથી આખુ કુરઆન શરીફ લખ્યું છે. એક યાસીન શરીફ એક દરૂદે મુસ્તગાસ તથા દલાએલુલ ખૈરાત આપે લખી છે. આપ હાફીજ હતા. આપ શાયર પણ હતા.

કિરઅત ખુબ સરસ પઢતા હતા અને કારી હતા. આપ રોજ ૧૦૦૦ એક હજાર રકઅત નમાજે નફલ પઢતા હતા. આપનો ખોરાક બહુ જ સાદો હતો. ૨૪ કલાકમાં એક વખત ખાતા હતા. તે પણ એક દુધનો નાનો પ્યાલો પીતા અને તેમાં થોડુ મધ નાખીને પીતા હતા. અને બુંદદાણાનો કાવો પીતા. આખી જીંદગી સાદગીથી પસાર કરી છે.

આપના મદ્રેસામાં બધા તાલીબે ઈલ્મને કિરઅતનો કોર્સ પહેલા શીખવતા હતા. આપ જ્યાં વાએઝ કરતા હતા ત્યાં ઈલ્મની ફઝીલતનો બહુજ બયાન કરતા હતા. આપનો એક મુરીદ જેનુ નામ સૈયદ મોહમ્મદ ઉસમાન બુખારી હતુ. તે કંન્તોલ ગામના સૈયદ હતા. તે સ્વભાવે બહુજ ભોળા હતા. તેણે હઝરત ઈલ્મની ફજીલત સાંભળીને કલારીયામાં દારૂલ ઉલુમમાં આવ્યો. હઝરતની ગેર હાજરી હતી. અમુક તાલીબે ઈલ્મોએ તે સૈયદ સાહબની મશ્કરી કરીને કહ્યું કે જો તારે ઈલ્મ શિખવુ હોય તો પહેરેલ કપડે ફજરની નમાઝ બાદ (૭) સાત વખત ગુસલ કરવુ જોઈએ અને પછી કપડા ઉતારીને મદ્રેસામાં આવવું જોઈએ. તે

સૈયદ સાહબ રોજ એમ જ કરતા હતા. રોજના કાર્યક્રમ મુજબ કરતા રહ્યા. હવે હઝરત સૈયદ મોહમ્મદ સાલેહની હાજરી કલારીયામાં હતી. હઝરત ફઝરની નમાઝ પઢીને વિર્દ વઝાઈફમાં મશ્ગુલ હતા. તેવામાં મસ્જીદના કુવા ઉપર તે સૈયદ સાહબ પાણી ભરી ભરીને પોતાના શરીરે નાખતા હતા. પાણી નાખવુ ચાલુ જ છે. હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શિરાઝી (રહેમતુલાહ અલયહે) તે સૈયદ સાહબનું મન્ઝર જોઈને કહ્યું કે આ શું કરી રહ્યા છો. જવાબ આપ્યો કે હુઝુર મદ્રેસાના તાલીબે ઈલ્મોએ મને કહ્યું કે જો તારે ઈલ્મેદીન શીખવું હોય તો રોજ ફઝરની નમાઝ બાદ આ કુવા પર પહેરેલ કપડે સાત વખત ગુસલ કરવું જોઈએ. હઝરત આ હકીકત સાંભળીને તે સૈયદ સાહબને જોઈને મોહમ્મદ સાલેહ શિરાઝીને જલાલ આવી ગયો અને કહ્યું કે જાવ આજથી તુ મારી જગ્યા ઉપર બેસજે અને હુ જે તાલીબે ઈલ્મને શીખવતો હતો તે તુ બધાને ઈલ્મ શીખવજે. હઝરતની જબાનથી આ શબ્દો નિકળતા જ કે તે ઉસમાન બુખારી સાહીબે શરીયત અને સાહીબે વિલાયત બની ગયા. બીજે જ દીવસે હઝરતની જગ્યા ઉપર તે બધા તાલીબે ઈલ્મને પઢાવવા લાગ્યા. તે પછી હઝરત ઉસમાન બુખારીને વિલાયતની મંઝીલ પર પહોંચાડી દીધા. તેઓએ પણ ઈસ્લામની ખુબ ખીદમત કરી છે. ૧૪ મી સાબાન હી ૧૧૩૫ માં આપનો વિશાલ થયેલ છે. (ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઉન) આપ તેજ દિવસથી મદ્રેસામાં પઢાવવામાં બેસી ગયા. તાલીબે ઈલ્મોને થયુ કે આપણે તો તેની મશ્કરી કરી પણ તેને તો ખરેખરનો રંગ મળી ગયો. એ અલ્લાહના વલીની શાન છે કે એક જ જલાલની નઝરમાં તેમને ક્યાથી ક્યા પહોંચાડી દીધા.

૧૭૦ વર્ષ પહેલા મુજદ્દીદ તરીકેની આલા હઝરતની આગાહી

કરામત

હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શિરાઝી રહમતુલ્લાહ અલયહે એક દીવસ તાલીબે ઈલ્મો વિદ્યાર્થીઓને પઢાવી રહ્યા હતા. એવામાં આપે ખામોશી અખત્યાર કરી બેશી ગયા. ત્રણ વખત જોરથી નિશાશા અને ખામોશ બેસી ગયા અને બને હાથ બગલમાં નાખી દીધા અને પછી થોડીજ વારમાં કહ્યું સુબ્હાનલ્લાહ અલહમ્દો લિલ્લાહ અલ્લાહો અકબર એમ કહેવા લાગ્યા પછી બધા તાલીબે ઈલ્મોને સંબોધીને કહ્યું કે સાંભળો અત્યારે મને એક એવા મુજદીદના બારામાં બતાવવામાં આવ્યુ છે કે તેનો એક નમુનો બતાવું ૧૪મી સદીમાં એક એવો ફીતનો ઉપડશે કે રીસાલતે નુબુવ્વતનો ઈન્કાર થશે અને તે ફીત્નો ફેલાવનાર ચારેકોર અંધકાર ફેલાવી દેશે. માહોલ ગંદો અને ગુમરાહ તરફ ઢાળી દેશે ત્યારે આહમદ નામનો શખ્સ તેમનો સામનો કરશે અને તે ફીત્નાને સખત હાથે ડામી દેશે અને જોરદાર કલમી જેહાદ કરશે અને તેની જીત થશે તેને અલ્લાહ અને તેના રસુલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તરફથી ખુબ મદદ મળશે તે વ્યક્તિ મઝહબે ઈસ્લામ માટે નિખાલસતાથી કામ કરશે તે એહલે બયઅતની ઈઝ્ઝત ખુબ કરશે તે વ્યક્તિ નીડર હશે તે શાહીબે શરીઅત હશે અને તે તેના છેલ્લા શ્વાસ સુધી ઈસ્લામની ખીદમત કરશે તે વિલાયતના અને મુજદીદના ઉચ્ચ મુકામ પર હશે. માટે મારી આલ-ઔલાદ મુરીદો મારા માનનારા તે બાબત ઉપર સખ્તીથી પાલન કરે તેના બતાવેલા માર્ગ ઉપર ચાલે અને તેમને અકીદતથી માને અને તેમનો બતાવેલો રસ્તો સહી હશે

Scanned with OKEN Scanner

તેઓ જે રસ્તો બતાવશે તે અલ્લાહ અને તેના રસુલનો રસ્તો હશે સહાબાએ કિરામ અને તાબેઈન અને તબે તાબેઈન ઔલીયા મુઝદીદ ઓલીયા અલ્લાહનો બતાવેલો રસ્તો હશે બીજુ એ કે તે હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તથા એહલે બયઅતને ખુબ ખુબ પાબંદીની સાથે માનતો હશે તેના કારણે અલ્લાહ પાક તેમને ખુબ ઈઝઝત દેશે અને જો મારી ઔલાદ તથા મુરીદોએ કશા એ બાબત ઉપર દયાન ન રાખ્યો તો કયામતના દિવસે તેનો હું દામન પકડીશ. (પકડ કરીશ)

આ કરામત હઝરતના મોટા દીકરા હઝરત સૈયદ કામુશાહ કાદરી રહમતુલ્લાહ અલયહે સીરતે શીરાઝીમાં લખી છે પાના નંબર ૩૫ ઉપર છે. હીજરી સ. ૧૧૦૨ માં થઈ છે આ આગાહી આલા હઝરતના જન્મના ૧૭૦ વર્ષ પહેલા થઈ છે.

આ આગાહી (૪) ચાર રબીઉલ અવ્વલમાં કલારીયા શરીફમાં થઈ છે. જયાં હઝરત દર્સગાહમાં દર્સ આપી રહ્યા હતા ત્યાં આ આગાહી આપી છે. કલારીયામાં તે વખતે એક બહુ મોટો મદ્રેસો હતો તેનું નામ દારૂલ ઉલુમ કાદરીયાહ શીરાઝીયાહ હતુ. સુબ્હાનલ્લાહ હઝરત અહમદ રઝા (રહમતુલ્લાહ અલયહે) સાહેબની આગાહી હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શીરાઝી શાહ રહમતુલ્લાહ અલયહે હીજરી સ. ૧૧૦૨ માં કરી છે. આલા હઝરતના જન્મના ૧૭૦ વર્ષ પહેલા આ બશારત (આગાહી) બતાવતા. આ આગાહી મુજબ આલા હઝરત જાહેર થયા અને મઝહબે એહલે સુન્નત વ જમાઅતનો ડંકો વગાડી દીધો. બેશક અલ્લાહ વાળાઓને ઈલ્મે ગૈબ હોય છે અને અલ્લાહે તેઓને ઈલ્મે ગૈબ આપેલ છે અને તે મુજબ આગળથી જ પેશીનગોઈ કરે છે.

- કરામત -

હઝરત એક વખત આપના મુરીદના ઘરે તશરીફ લઈગયા (સિંધ) નગરઠઠામાં ગયા હતા) હઝરત ત્યાં આરામ ફરમાવી રહ્યા હતા. એવામાં અચાનક અર્ધી રાતે ઉઠીને તાવીઝ લખવા બેસી ગયા અને તાવીઝ લખીને આપના મુરીદને ઉઠાડીને કહ્યું કે અચ્છે મીયાં તમો અહી આવો હું વહેલી સવારે દાદા બાવાની દરગાહે માઈ મકલીના કબ્રસ્તાનમાં જાવું છે. આ તાવીઝ રાખી મુકો અને કાલે સવારે એક બાઈ આવશે તેના પતિને આંતરડાની બીમારી છે તેણે ઘણી દવા કરી છે પણ કઈજ ફરક પડયો નથી. ઈન્શાઅલ્લાહ આ તાવીઝ પહેરશે કે તેને સારૂં થઈ જશે. તે દવા કરીને થાકી ગયો છે. અચ્છે મીંયાએ તે તાવીઝ સંભાળીને રાખી દીધુ હઝરત ફઝરની નમાઝ પઢીને સૈયદ અકીલ શીરાઝી તથા સૈયદ અલી શીરાઝી તે (હઝરતના પુર્વજો થાય છે) ત્યાં મઝાર ઉપર ગયા. પાછળથી એક બાઈ અચ્છે મીંયાને ત્યાં આવીને કહ્યું કે અચ્છે મીંયા તમારે ત્યાં શીરાઝી શાહ બાપુ આવ્યા છે ને તેણે કહ્યું કે બાઈ તે તો તેમના દાદા બાવાના મઝાર ઉપર ચાલ્યા ગયા. અને તમારે શું કામ છે. તેણીએ કહ્યું કે ભાઈ એક તો ઘરમાં બિમારી અને ગરીબી બધું ભેગું થયું છે. મારા પતિને પેટની બિમારી છે તેના માટે તાવીઝ કરાવવું હતું. ત્યારે અચ્છે મીંયાએ કહ્યું કે લ્યો આ તમારૂં તાવીઝ કાલે રાત્રે અચાનક હઝરત ઉઠીને તમારા માટે ખાસ તાવીઝ બનાવ્યું છે બાઈએ એ તાવીઝ લઈને પોતાના પતિને પહેરાવી દીધું અને તાવીઝ તેના પતિએ પહેરતા જ પેટનો દુખાવો ગાયબ થઈગયો.

- કરામત -

હઝરત માળીયા મીયાંણા તશરીફ લઈ ગયા. ત્યાં આપના મુરીદ બધા મીંયાણા હતા. એક મુરીદને ત્યાં આપનો ઉતારો રહેતો હતો

તેનું નામ ગુલમોહમ્મદ હતું તેને ત્યાં બાળક એક પણ ન હતો હઝરત જયારે પણ જતા હતા ત્યારે તે મીયાણાની જીભ કહેવા માટે ઉપડતી ન હતી અને હઝરતને એ પણ ખબર હતી કે તેને ત્યાં બાળક એક પણ નથી. તે મુરીદની ઘરવાળીને બીજી ઔરતો મેણા ટોણા મારતી હતી કે તું તો વાંજણી છો, બીજી રીતે પણ બોલે વગેરે વગેરે કહ્યા કરતી. પણ હઝરત ઓરતોથી પડદો કરતા હતા. હવે જયારે હઝરત તેના ઘરે તશરીફ લઈ ગયા ત્યારે તે બાઈથી રહેવાયું નહી તેથી હઝરત જયાં આરામ ફરમાવી રહ્યા હતા ત્યાં હઝરતના માથા તરફ (સિરાણે) ઉભી રહીને રોવા લાગી. હઝરતને તેના રોવાના કારણની ખબર હતી અને હઝરતે કશ્ફ વડે જાણી લીધુ કે તેણી બાળક માટે રડી રહી છે હઝરતે નીચી નિગાહ (નજર) કરીને કહ્યું મારી બેટી જા તારે ત્યાં ત્રણ (૩) દીકરા અને બે (૨) દીકરીઓ થશે ઈન્શાઅલ્લાહ. બસ હઝરતનું આટલું કહેવું હતુ કે તે બાઈ હઝરતની સામે ખુશીની મારી સામે આવી ગઈ અને પીરો મુરસીદ હું આજથી તમારી દીકરી બની છું માટે દીકરીથી પડદો ન હોવો જોઈએ. હઝરતને મનાવીને હઝરતનું મોહ (મોઢું) જોયું ફરી શિરાઝી શાહે કહ્યું જા આજથી તુ મારી દીકરી છો. હઝરતના કહેવા મુજબ તે બાઈને ત્યાં ત્રણ (૩) દીકરા અને બે (૨) દીકરીઓ થઈ હતી આ બાઈનું નામ હલીમાબાઈ હતું તેની ઉંમર (૪૬) છેતાલીસ વર્ષની હતી અને તેણીની પતિની ઉંમર (૫૨) બાવન વર્ષની હતી. આ છે અલ્લાહવાળાઓની શાન ખુદા દરેક મુસલમાનોને નેક તૌફીક આપે સાચી સમજ આપે.

અહી સુમરાહઓનો થોડોક અહેવાલ આપુ છુ. અહી સુમરાહઓનો થોડોક અહેવાલ (ત્વારીખ) આપવી જરૂરી છે. હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શિરાઝી શાહ. (રહમતુલ્લાહ અલયહ)

હઝરત મોહમ્મદ સાલેહ શિરાઝી શાહ (રહમતુલ્લાહ અલયહે) સાથે આવેલા સુમરાહઓનો અહેવાલ

હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શિરાઝી શાહ રહમતુલ્લાહ અલયહેની સાથે (૪) ચાર સુમરાહ આવ્યા છે જે હઝરતના મુરીદ અને ખલીફા હતા. તેઓ (૪) ચારેય જણ પરહેઝગાર હતા. આલે રસુલના ગુલામો હતા. અને વલીએ કામીલ થયા છે. હાલ વલીએ કામીલ છે. આજે પણ કલારીયા શરીફમાં આ સુમરાહની મઝારે પાક ઉપર હઝારો લોકો આવે છે અને ખાલી હાથે આવે છે અને જોલી ભરીને જાય છે. બે ભાઈઓની મઝારે પાક, પાકી અને સરસ છે અને ઢોલીયાવારા કહેવાય છે. અને બે ભાઈની કબર કાચી છે.

હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શિરાઝી શાહ સાથે આ સુમરાહઓ તબલીગ માટે વારા ફરતી જતા હતા. અને એક એકને લઈ જતા હતા. એક વખત હઝરત આ ચારેય (૪) ભાઈઓને સાથે લઈને હજ પઢવા ગયા. રસ્તામાં એક કાફલો મલ્યો અને કહ્યુ કે હઝરત અમો તમારી પાસે આવ્યા છીએ અને ઈસ્લામ કબુલ કરવા માટે અને તમો તો હજ કરવા ચાલ્યા છો. હઝરતે યાકુબ સુમરાહની તરફ નિગાહ (નજર) કરીને જોયુ તો યાકુબ સુમરાહે કહ્યુ કે એય કાફલાવારાઓ તમો કલારીયા પહોચો તો અમો પાછળ આવીએ છીએ. તે કાફલો કલારીયા શરીફની તરફ રવાના થયો. અને ગામની પાદરમાં પહોચ્યો ત્યાં પહોચતા તો હઝરતના (૪) ચારેય ખલીફા તેમને સામે બોલાવવા આવ્યા અને કહ્યુ કે

હઝરત તો તમારી રાહ જુએ છે. પછી હઝરતની પાસે આવ્યા અને ઈસ્લામ કબુલ કરી લીધુ. અને હઝરતે કહ્યુ કે હવે તમો તમારા મુલકમાં જાવ.

હઝરત હજના મેદાનમાં પણ હાજર છે અને કલારીયાના મેદાનમાં પણ હાજર જ છે. હઝરતની સાથે જે બીજા પણ માણસો હજ માટે સાથે ચાલ્યા હતા. તેમણે કહ્યુ કે હઝરત કલારીયાથી જે દીવસથી બહાર નિકળેલ છે તે દીવસથી અમો હઝરતની સંગ (સાથ) છોડેલ નથી. હઝરત હજ પઢીને જયારે પાછા ફરેલ ત્યારે તે મુસલમાન થયેલા કાફલાવારા હઝરતને સામે મલ્યા અને કહ્યુ કે તમોએ તો અમોને મુસલમાન બનાવ્યા છે. ફલા તારીખે તો બીજા લોકો કહે કે તમો જે દીવસની વાત કરો છો. તે દીવસે અરફાતનો દીવસ હતો અને અમો બધા હઝરતની સાથે અરફાતના મેદાનમાં હતા. બન્ને પક્ષોએ કહ્યુ કે અમારા ભેગા હતા તો બેશક અલ્લાહવાળાઓ એકી સાથે બન્ને જગ્યા ઉપર હાજરી આપી શકે છે. અલ્લાહ તઆલા એ તેઓને અખુટ શક્તિ આપેલી હોય છે, અને અલ્લાહવાળાઓની શાન નિરાલી છે.

હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શિરાઝી શાહ (રહમતુલ્લાહ અલયહે) ની સાથે જે સુમરાહ આવેલ છે તેમની વંશાવળી (આંબો) નીચે મુજબ છે.

હઝરત શાહ કમાલુદીન સુમરાહ (રહેમતુલ્લાહ અલયહ) બગદાદ. આપનો નસબ હઝરત હનીફ સુમરા સુધી પહોંચે છે અને ત્યાંથી હઝરત સુમરાહ જન્દબ (રદીઅલ્લાહો અન્હો) સુધી પહોંચે છે.


આહમદ
અ. ખાલીક
નીઝામુદીન
નુરબાઇમા
કાસીમ
મોહમ્મદ હાસીમ
કમરૂદીન
ગુલામે મુસ્તફા
મો. સીરાજ
અબદુર રસીદ
અબ્દુલ્લાહ
આહમદ
મો. અલી
મોહમ્મદ
અ. રઝઝાક
યુસુફ સુમરાહ
ગુલામફારૂક
હઝરત નિઝામુદ્દીન સુમરાહ
નુરમહંમદ
હઝરત યાકુબ સુમરાહ
મુસા
હઝરત સરફુદીન સુમરાહ
હાસીમ
બશીર
વલી મોહમ્મદ
કબીર
હાસીમ
અબ્દુલાહ
મોહમ્મદ
જલાલ
મો. ઈશહાક
યુસુફ
વહાબ
કમરૂદીન
ખુદાબક્ષ
મોહમ્મદ
અ રઝઝાક
અ.રઝઝાક
કમરૂદીન
અ.કરીમ
ગુલામે અકબર
નુરમોહમ્મદ
અબ્દુલ્લાહ
નુર મોહમ્મદ
મો. ઈબ્રાહીમ
નસરૂદીન
મો. અલી
ગુલામઅલી
અ. ખાલીક
અ. કરીમ

હઝરતે સુમરાહ કોમ માટે ખાસ દુઆ કરી છે કે સુમરાહ કદી પણ ભીખ નહિ માંગે. સુમરાહ કોમ એક જીંદાદિલ કોમ છે. સુમરાહ એહલે બયઅતની ગુલામ કોમ છે વગેરે વગેરે. પણ ખોટુ ન બોલવુ એકબીજાથી મહોબ્બત કરવી અને અહેકામે શરીઅતની અને અલ્લાહ અને તેના રસુલની આલની ઈઝ્ઝત કરવી વગેરે વગેરે. કોઈની ગીલા ન કરવી, મારૂ તારૂ ન કરવુ તે ફકરને બંધ રાખવુ વગેરે હઝરતે હજારો બુત પરસ્તોને ખુદા પરસ્ત બનાવી દીધા છે. આપ શરીઅતે મુતહરાના પુરા પાબંદ હતા આપને એક લાખ હદીસ શરીફ મોઢે યાદ હતી. આપે કુરઆને પાકની તફસીર પણ કરી છે. તરજુમાની સાથે. હાફીઝ પણ હતા. અને કારી પણ હતા. કીરઅત ખુબ સરસ રીતે અને ખુબ સારી રીતે પઢતા હતા. આપ કોઈપણ માણસનું દીલ દુભાવતા ન હતા.

-કરામત-

ઈરાનમાં હઝરતના ઘણા મુરીદો હતા તે સમયે અને આજે પણ હઝરતને માનવાવાળા ઘણા ઈરાનીઓ છે. એક ઈરાની હઝરતનો મુરીદ હતો તેને ગળામાં એક ભયંકર ગુમડુ થયુ (કેન્સર જેવી) બિમારી બહુ વધી ગઈ હતી. તે હઝરતનો ખાસ માણસ હતો (ઈરાનમાં). એટલે રોજ રાતે હઝરતનો તસવ્વુર કરીને સુઈ જતો હતો એક દીવસે ઘણા હકીમો તથા બીમારી જાણવાવાળા આવ્યાં અને કહ્યુ કે હવે આ બીમારીનો ઈલાજ અમારી પાસે કશુ નથી. અને જે કંઈપણ તમારી પાસે છેલ્લી ધર્મની ક્રીયા થતી હોય તે કરો, હવે તે નિરાશ થઈ ગયો. તેને અચાનક હઝરત સૈયદ મોહમ્મદ

સાલેહની યાદ આવી એટલે તેણે તેના પીરો મુરસીદને તેનાથી થયુ અને થઈ શકે એટલા જોર દીલ લગાડીને મદદ માંગી યા પીર અલ મદદ દરેક રીતે હઝરતને યાદ કર્યા કરતા કરતા સુઈ ગયો અને એવામાં તેની આંખ લાગી એવામાં શુ જુએ છે કે હઝરત મોહમ્મદ સાલેહ તેના ખ્વાબમાં આવ્યા અને કહ્યુ કે બેટા આ તમને જયારથી મુશ્કેલી આવી છે ત્યારથી મને ખબર છે. ઈન્શાઅલ્લાહ હવે બધુ સારૂ થઈ જશે. કાલે ઉઠીને લીંમડાનું દાતણ કરજે અને ઝોહરની નમાઝ બાદ સુઈ જજે અને અસર બાદ ગૌસે પાકનું નામ લઈને ઉઠીને ફરી લીંમડાનું દાતણ કરજે તો તને અસરની નમાઝ બાદ સારૂ થઈ જશે બીજે દીવસે હઝરતના કહ્યા મુજબ તે ગુમડુ ફુટી ગયુ અને આરામ થઈ ગયો.

વાહ શુ અલ્લાહવાળાઓની શાન છે કે પોતાના મુરીદના દુઃખની ખબર હોય છે, હજારો માઈલ દુર છતા પોતાના મુરીદ જે બિમારીમાં ઘેરાયેલો હોય છે તેને ત્યારથી ખબર હોય છે. બેશક અલ્લાહતઆલાએ એમના દોસ્તોને ઈલ્મેગૈબ અર્પણ કરેલ હોય છે.

-કરામત-

હઝરતની પાસે એક સાધુ આવીને એક શીશી બતાવીને કહ્યુ કે આ વસ્તુ સોનુ બનાવવાનો કીમીયો છે. હઝરતે કહ્યુ કે હશે ભાઈ ફકીરોને સોનાથી કંઈ નિસ્બત નથી. પણ તે સાધુએ કહ્યુ જીદ કરીને કે ચેલેન્જથી કે આ મારો કીમીયો બનાવેલો છે. આખી જીંદગી તેમા લગાડી છે અને અત્યારના ટાઈમમાં કોઈ કંઈ કરી શકે તેમ નથી અને બનાવવા માટે લાલ આંખો જોઈએ. આ લેકચર સાંભળીને હઝરત મુશ્કરાયા અને હઝરતે તે શીશી હાથમાં લઈને ફેંકી દીધી.

તે સાધુ આ જોઈને ખુબ ગુસ્સે થયો અને ગુસ્સામાં કહ્યુ કે આપે આ શુ કરી નાખ્યુ એ મારી આખી જીંદગીભરની કમાઈ હતી. એ સોનુ બનાવવાનો કીમીયો હતો. હઝરતે એકદમ નરમીથી જવાબ આપ્યો એમા તુ શું મુંજાઈ ગયો છે કંઈ ગભરાવવાની જરૂર નથી શીશી ત્યા પડી હશે તે સાધુએ કહ્યું. હઝરત તે શીશી તો કાચની હતી અને તમોએ જ્યાં ઘા કર્યો છે ત્યાં બધા પથ્થર છે અને પથ્થરમાં ટકરાઈને ફુટી ગઈ હશે. હઝરતે તુરતજ તે સાધુને કહ્યુ કે જોતો ખરો એ શીશીનો શુ હાલ છે. તે સાધુ તે શીશીની તલાશ કરે છે તો તે દિવાલ પાસે એક ઉકરડો હોય છે અને તે ઉકરડા ઉપર શીશીના ટુકડા પડયા હોય છે અને ઉકરડા .પર સોનુ બનાવવાનો કીમીયો પડયો હોય છે. અને ઉકરડો બહુ જ ગંદકી મારે છે, તે ગંદકીના કારણે શ્વાસ લેવાતો નથી એવી ગંદકી હોય છે. સાધુ હઝરતની પાસે આવીને બધી હકીકત કહી સંભળાવી કે ત્યા તો મન્જર જાદુ છે. પછી આપે કહ્યુ કે એય સાધુ તે આ આખી જીંદગી ગંદકી જ ભેગી કરી અને ભેગી કરવામા જ ટાઈમ વિતાવ્યો. મારા જેવા ફકીરના હાથે આ શીશી ફેકાણી અને દીવાલમાં ટકરાઈને ઉકરડા પર પડી અને ઉકરડો ગંદકીથી ભરાઈ ગયો. હઝરતે કહ્યુ જો તારે સોનુ બનાવવાનો કીમીયો જોઈ તો હોય કે પારસમણી જોઈતી હોય તો ચાલ મારી સાથે તે સાધુને એટલુ ધ્યાન હતુ કે આ સંત પુરૂષ છે અને ઘણા મોટા ઔલીયા પણ છે અને જયાં પણ લઈ જશે ત્યાં હિકમત પણ હશે. તે સાધુ તરત જ તૈયાર થઈ ગયો. પછી હઝરત આગળ ચાલે છે અને સાધુ હઝરતની પાછળ પાછળ ચાલ્યો આવે છે. પછી હઝરતે વઝુ બનાવ્યું અને વઝુ બનાવીને મોઢામાં પાણી લીધુ પછી તે પાણી નદીની વેકુર ઉપર નાખ્યું અને

કહ્યુ કે જો આ પારસમણી અને આ હીરા–સોનુ તથા આ સોનુ બનાવવાનો કીમીયો તે સાધુ હઝરતના પગમાં પડી ગયો અને મુસલમાન થઈ ગયો. હઝરતની નિગાહ તે શખ્સ ઉપર પડી તે શખ્સ વલી બની ગયો. અને કહ્યુ કે પારસમણી, સોનુ, હીરા વગેરે ન જોઈએ. હઝરતે તે બધુ ખૈરાત કરી દીધુ. શું અલ્લાહવાળાઓની શાન એક બુત પરસ્તને ખુદા પરસ્ત બનાવી દીધો.

આપ દુરૂદ શરીફથી બહુ ખુશ રહેતા હતા આપ ફરમાવતા હતા કે મને જે દરજ્જો મળેલ છે તે મારી માતાની દુઆથી અને મારી માતા ખુબજ દુરૂદ શરીફ પઢતા હતા. હુ જયારે મારી માતાના પેટમાં હતો ત્યારે મારી માતાએ એક કરોડથી વધુ દુરૂદ શરીફ હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બારગાહમાં હદીયો અને તોહફો મોકલેલ તેના કારણે આ દરજ્જો મળેલ છે. આ દુરૂદ શરીફની બરકતોનો નતીજો છે. સૈયદે સાલેહને ૫૦૦૦ પાંચ હજારથી વધુ દુરૂદ શરીફ યાદ હતા. આપ દર સોમવારે તથા જુમાની રાત્રે સવા લાખ દુરૂદે તાજ બધા ભેગા થઈને પઢતા હતા. કસરતથી ખુબ પઢતા દુરૂદ શરીફ બાદ સલામી પઢતા પછી હઝરત મોહમ્મદ સાલેહ શિરાઝી શાહ (રહેમતુલ્લાહ અલયહ) તરફથી ન્યાજ તકસીમ કરવામાં આવતી હતી.

તા.ક. : આજકાલ એક એવી ટોળી નિકળી પડી છે કે તે કહેતી ફરતી હોય છે તે આ વહાબીઓએ આ મિલાદ તથા ન્યાજ અને ફાતેહા અને સલામીનો રીવાજ દિનમાં બીદઅત પેદા કરી છે, એમ લોકોને બહેકાવતા હોય છે. જે કોઈપણ હુઝુરે પાકના દુશ્મન છે તે બધી કોમ મનહુસ છે. ખુદાએ પાક એ બન્ને જહાનને પેદા કર્યા છે તે હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લ) થી કર્યા છે અને

તેમા જો કોઈ તેમના કહ્યા બહાર હશે તે બદતર થાય તો તે હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લ) અને અલ્લાહના દોસ્તો મહેબુબો તથા બરેલ્વી શરીફના હઝરત એહમદ રઝા રહમતુલ્લાહ અલયહેના દુશ્મન છે. તે ખુદાના દુશ્મન છે અને લાલચમાં હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને ભુલી રહ્યા છે અને પોતાની આકેબત બગાડી રહ્યા છે અને બીજાઓને એટલે જાહીલોને પણ ખેચી રહ્યા છે તેઓ બેવકુફ છે. અરે નાલાયકો ગુંડાઓ સાંભળી લો આ નેક રસ્તો તરીકો બરેલ્વીવાળાઓએ નથી કાઢ્યો. પણ એ આજથી ૧૪૦૦ વર્ષ પુરાણો તરીકો છે. અને ચાલ્યો આવે છે તેના પર બરેલ્વી મુજદીદ એહમદ રઝા સાહેબ કાયમ છે. બરેલ્વી આલા હઝરત એહમદ રઝા એ પણ એજ તરીકો બતાવ્યો છે અને તેના પર ચાલવું અને માનવુ જરૂરી છે. તો હવે આ બરેલ્વીઓએ તમારી (આજકાલના ફીતનતીઓ) ની માયા જાળ ચાલવા દીધી નથી. એય વહાબીઓ લોકોને ગુમરાહ કરવા નિકળી પડેલ તબલીગીઓનો સારો એવો સામનો કરેલ એટલેજ તે વહાબીઓ ફાવી શકતા નથી.

આ નેક રસમના કારણે બરેલ્વીઓને ખરાબ કહે છે માટે એય મુસલમાનો આવી નાપાક ટોળકીથી અલ્લાહ પાક તમોને બચાવે. જુઓ હઝરત મોહમ્મદ સાલેહ શિરાઝી શાહ (રહમતુલ્લાહ અલયહે) હઝરત એહમદ રઝાખાન સાહેબ (રહેમતુલાહ અલયહે) ના ઘણા ટાઈમ પહેલા પેદા થયા છે અને તેઓ પણ ન્યાજ, મીલાદ શરીફ, ફાતેહાખ્વાની, દરૂદે પાકની મહેફીલ. હુઝુરે પાકથી મહોબ્બત આ બધુ બુઝુર્ગો અને પુર્વજોનો બતાવેલો નેક રસ્તો છે. અને આ બુઝુર્ગો કોણ હતા એ ગૌસે પાક

અને ગરીબે નવાઝ તથા બીજાઓ પણ બુઝુર્ગાને દીન પર હતા. અને એજ તરીકા પર આલા હઝરત ચાલ્યા અને લોકોને આ નેકી તરફ દીન પર ચાલવા માટે હીદાયત આપી અલ્લાહ તઆલા આલા હઝરતની દરગાહ ઉપર રહેમતના ફુલ બરસાવે આમીન સુમ્મા આમીન.

હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શિરાઝી શાહ (રહમતુલ્લાહ અલયહે)ને ત્યાં ગ્યારહવી શરીફમાં ૧૭ દિવસ સુધી મીલાદે પાકની મહેફીલ અને દરરોજ ગૌસે પાકની ન્યાજ શરીફ અને બારહવીં શરીફના બાર દિવસ સુધી રાત્રે ફઝરની નમાજ બાદ મીલાદ શરીફ તથા ન્યાજ બન્ને ટાઈમ તકસીમ થતી હતી. અને બારહવીં તારીખે આખી રાત દુરૂદ શરીફની મહેફીલ તથા હુઝુરે પાકના બાલ મુબારક શરીફની ઝીયારત રાખતા હતા. મોહર્રમ શરીફમાં (૧૦) દસ દીવસ સુધી સરબત મલીદો રોજ રાત્રે તકસીમ કરતા હતા. દુરૂદે પાકની મહેફીલ તથા કુરઆન ખ્વાની અને આપ જે ન્યાજ કરતા તે પોતાના અંગત ખર્ચમાંથી કરતા હતા.

આપ ખેતી કરતા હતા અને અત્તરનો વેપાર કરતા હતા અને અનાજનો પણ વેપાર કરતા. હઝરત પોતાની જાત મહેનતે ખેતી કરતા અને ઈસ્લામ માટેની તબલીગ અને મદ્રેસો ચલાવતા હતા અને રોજ એક હજાર નફલ નમાજ પઢતા હતા.

હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શિરાઝી શાહ (રહમતુલ્લાહ અલયહે) પોતાની ઔલાદને તથા મુરીદોને તથા આમ મુસ્લીમોને બધાને એજ શીખામણ આપતા હતા કે હલાલ

રોઝીની તલાશ કરવી. દરેક મોમીન મુસલમાનનો ફર્ઝ છે. જે માણસ હલાલ રોઝી ખાસે તેની ઔલાદ નેક અને પરહેઝગાર પેદા થશે અને કદી દુઃખી થશે નહી.

હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શિરાઝી શાહ (રહમતુલ્લાહ અલયહે) મુ. કલારીયા શરીફ

આપે આપની છેલ્લી ઘડીની ખબર બધાને કહી હતી કે મારો આખરી ટાઈમ આવ્યો છે અને નઝદીક છે. આપે મહોર્રમમાં ફરમાવ્યું કે આ આપણો મદ્રેસો ચાલે છે તેના ઉપર ખુબ ધ્યાન આપશો. આપે ફરમાવ્યુ કે આ મદ્રેસો મારા પછી મારી ચાર પેઢી બાદ મદ્રેસો બંધ થઈ જશે. આપના કહ્યા મુજબ આપના પર પૌત્ર હઝરત મોહમ્મદ લાલા મીયા બાપુના ટાઈમમાં આ મદ્રેસો બંધ થઈ ગયો. લાલા મીયા બાપુ બહાર તબલીગમાં ગયા અને પાછળથી મદ્રેસો બંધ પડી ગયો. આ આપની આગાહી હતી અને તે પુરી થઈ ગઈ.

જે દિવસે હઝરતનો વિસાલ હતો તે દિવસે તહેઝુદની નમાજ પઢીને ગુસલ કર્યુ અને પછી ઈબાદતમાં મશગુલ થઈ ગયા. આપે આખી દલાએલુલ ખેરાત પઢી નાખી પછી દુઆએ હિઝબુલબહર પઢી પછી યાસીન કાદરીયા શિરાઝીયાહ પઢી પછી ફઝરની નમાઝનો ટાઈમ થયો એટલે અઝાન આપી અને ફઝરની નમાજ પઢાવી.

હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શિરાઝી શાહ (રહમતુલ્લાહ અલયહે) બધાને પોતાના આખરી વકત ટાઈમ દિવસની ખબર આપી દીધી હતી. એટલે બધા સગા સંબંધીઓ મુરીદો આલ ઔલાદ બધા હાજર હતા.

હઝરત ફઝરની નમાઝ બાદ નમાઝ પઢીને કબ્રસ્તાન ગયા જ્યાં આપના માં સાહેબામાંની મઝારે પાક ઉપર ગયા. ત્યાં કદમ બોસી કરી ચુમીને ફાતેહા ખ્વાની કરી અને ચારેય ખલીફાઓની મઝારે પાક પર ગયા અને ત્યાં ફાતેહા ખ્વાની કર્યા. પછી તેમના દીકરા કામુશાહ શિરાઝીની મઝારે પાક પર ગયા અને ત્યાં ફાતેહા ખ્વાની કરી. પછી હઝરત જોરાવર શાહ પીરની દરગાહ ઉપર ગયા અને ત્યાં ફાતેહા ખ્વાની કરીને હઝરત ત્યાં આવ્યા જયા આજે આપનો મઝાર શરીફ છે ત્યાં કબર ખોદાવેલ અને બે રકાત નમાઝ પઢી ત્યાંથી ઘર તરફ ચાલ્યાં ગામમાં આવી આપના પીરો મુરશીદ હઝરત સૈયદ શાહ જમાલુદીન મોહમ્મદ કાદરી (ઉર્ફે હાજીપીર) જેઓ ગૌસ પાકની ૧૭મી પેઢીએ પૌત્ર થાય છે. ત્યા મજારે પાક પર હાજરી આપી ત્યાં કદમ બોસી કરીને ફાતેહા ખ્વાની કરીને ત્યાંથી ડેલીમાં આવ્યા ત્યાં મુરાકેબો કર્યો પછી ત્યાંથી આપની ખાનકાહમાં તશરીફ લઈ આવ્યા અને પહેલે એમના પૌત્ર મીર શાહ મીયા બાપુને બોલાવીને કહ્યુ કે મારા બેટા સબ્રનુ દામન ન છોડશો. ઈમાન ઉપર કાયમ રહેશો. અલ્લાહ અને તેના રસુલની મહોબ્બત ખુબ રાખશો. એહલે બયઅતની ખુબ ઈઝ્ઝત કરશો સાદાતના બચ્ચાનું કભી દીલના દુઃખાવશો આપે આપની ઔલાદની તરફ તવ્વઝોહ કરીને કહ્યુ કે મારા બતાવ્યા મુજબના રસ્તા ઉપર ચાલશો તો સુખી થશો. અને તેને છોડી દેશો તો દુઃખી થઈ જશો. અને જો મારા બતાવેલા રસ્તા પર દૃ[illegible]ે તો હું તમારી સાથે જ છુ અને જો મારા બતાવેલા રસ્તાથી [illegible]ોઈપણ ઔલાદ વિરૂદધ ગઈ તો તબાહ થઈ જશે. દુરૂદ શરીફ [illegible]ને ત્યાં સુધી ખુબ પઢ્વા. કોઈપણ ઈન્સાન આપણા ઘર પર હા[illegible]ય તો ભુખ્યો કાઢ્વો નહી. બની શકે તો તમો તેમનુ દીલ ખુશ કરી દેશો.

Scanned with OKEN Scanner

સખાવત એહલે બયઅત પોતાના ઘરેથી નીકળી છે. નમાઝ પાબંદીની સાથે અદા કરવી. દરેક પોત પોતાની ઓલાદને ઈલ્મેદીન શીખડાવે કારણકે ઈલ્મેદીન દરેક મોમીન મુસલમાન મર્દ અને ઔરત પર ફર્ઝ છે. પોતાની જરૂરત પુરતું તો જરૂર ઈલ્મ શીખડાવે.

અને બીજુ એ પણ કહ્યુ કે હુ આ ફાની દુન્યા છોડીને ચાલ્યો જાઉ તો કોઈએ રોવુ નહી. કલ્મા અને દુરૂદ શરીફ તથા અસ્ત ગફાર પઢવા, પછી મુરીદ તથા માનવાવાળા તરફ તવ્વઝોહ કર્યો અને કહ્યુ કે જે કંઈપણ મારી આલ ઓલાદને કહ્યુ છે તે કાનુન પણ તમારા માટે લાગુ પડે છે પછી આપ ખામોશી અખત્યાર કરીને ખુદાની ઈબાદતમાં મશ્ગુલ થઈ ગયા. જવાલનો ટાઈમ આવ્યો હઝરતે થોડું આરામ કર્યું સુઈ ગયા પછી ઝોહરનો ટાઈમ થયો એટલે હઝરત ઉઠીને ઝોહરની અઝાન આપી. અને ચાર રકઅત સુન્નત પઢીને ફર્ઝ નમાજ પઢાવી, નમાજ પઢ્યા પછી કહ્યુ કે આ મારી છેલ્લી નમાઝ છે, એટલે બધા લોકોની આંખોમાં આસું આવી ગયા પછી બધા માટે દુઆ એ ખૈર કરીને ત્યાંથી આપની ખાનકાહમાં તશરીફ લાવ્યા અને હઝરત યાકુબ સુમરાહના દિકરા કબીર સુમરાહને ત્યાં બોલાવીને કહ્યુ કે તમારા બાપની જેમ એહલે બયઅતથી મહોબ્બત રાખશો. એ તમારા માટે સારૂ છે. તમોને અમોએ અમારા ગુલામોમા શામીલ કરી લીધેલ છે. કબીર સુમરાહ બહુ જ ખુશ થયા, અને કહ્યુ હઝરત અમારી કોમ માટે દુઆ કરો કે દીનની બાબતમાં કયાંય ભટકી ન જાય અને ગુમરાહ ન થાય. હઝરતે કહ્યું બેટા આખી સુમરાહ કોમ જીન્દા દીલ કૌમ રહેશે અને મરદાનગીભર્યુ જીવન વિતાવશે અને ખોટી રીતે કયાંય દુખી થશે નહી. અને કયાંય ગુમરાહ થશે નહી. ઈન્શાઅલ્લાહ

પછી આપ ખામોશ થઈ ગયા બધા ચુપચાપ બેઠા બેઠા દુરૂદ શરીદ પઢી રહ્યા હતા. હઝરત સૈયદ મોહમ્મદ સાહેબ શાહ શિરાઝી હઝરત મીર શાહ મીયા બાપુને કહ્યુ કે બેટા આજથી તમો તમારા બાપની જગ્યાએ છો અને મારા ગાદી વારસ છો. બધો કારોબાર તમારા ઉપર છે. આ ખિલાફત ઈસ્લામની મળે છે. ઈસ્લામની ખીદમત કરવામાં પાછી પાની કરશો નહી. અને સબ્ર કદી પણ છોડશો નહી. પછી આપ ખામોશ અને આપ દુરૂદે ઈબ્રાહીમના આમીલ હતા. દુરૂદે ઈબ્રાહીમ પઢવાનું ચાલું કરી દીધુ. પછી આપે હુઝુરે પાકની બારગાહમાં દુરૂદે પાકનો હદીયો નજરાણુ પેશ કર્યુ અને પછી કલ્મા પઢવાનુ શરૂ કર્યુ. આપ પાંચ કલમા (૧૧) અગીયાર વખત પઢ્યા, પઢતા પઢતા આપની આંખ મીચાઈ ગઈ. આપ ૧૭૦ વર્ષની વયે આ ફાની દુનીયા છોડી અને જન્નતુલ ફીરદોસમાં મુકામ કરી લીધો.

ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઉન.

આ ફાની દુનીયા છોડી ત્યારે રબીઉલ અવલની ૧૭ તારીખ હતી, સોમવાર બપોર પછીનો હતો. અને તેજ દિવસે અસરની નમાઝ બાદ આપનો જનાઝો કાઢવામાં આવ્યો અને કલારીયાના કબ્રસ્તાનમાં આપને ખાકે સુપ્રત કરવામાં આવ્યા હતા.

વફાત તા. ૧૭-૩-૧૧૭૦ હીજરી કલારીયા શરીફમાં થઈ હતી.

જન્મ તા. ૩-૧-૧૦૦૦ હીજરીમાં ઈરાનમાં શીરાઝ ગામે થયેલ.

(મીરાતે મહેમુદીયા, શિરતે સીરાઝ, શમસુલ મસાહીક ત્રણ કીતાબોમાંથી)

ઝિક્ર અસગાલ – વિર્દ વઝાઈફ

દરરોજ મગરીબની નમાઝ બાદ આ ઝિક્ર પઢવાનું છે. દરેક મુરીદોએ ફરજીયાત પઢવાનું છે. અને બધા મુસ્લીમ ભાઈઓ પણ પઢી શકે છે. પહેલા ૧૧ વખત દરૂદ શરીફ પઢ્યા પછી ૧ વખત અલહમ્દો લિલ્લાહ (સુરએ ફાતેહા) ૩ વખત કુલહોવલ્લાહો અહદ આખી સુર પઢવી. પછી દરૂદ પઢવુ, પછી મોઢા ઉપર હાથ ફેરવવો.

૧૦૦ વખત લાઈલાહા ઈલ્લલ્લાહો

૧૦૦ વખત ઈલલ્લાહ

૧૦૦ વખત અલ્લાહ

૯૯ વખત હુ પછી એક વખત જલ્લેશાનહુ પછી નીચે મોઢુ કરી આંખો બંધ કરીને ૧૧ વખત દરૂદ શરીફ, ૧ વખત સુરએ ફાતેહા, ૩ વખત કુલ પઢીને આંખો ખોલીને, ૧ વખત પહેલો કલેમો પઢવો. પછી પોતાના પીરથી લઈને તમામ કાદરી સિલસીલાના બુઝુર્ગોના દરબારમાં હદીયા તોહફો પેશ કરવો.

આ ઝિક્રે કાદરીયા છે અને નમાઝ બાદ મસ્જીદમાં પઢવું. આ ઝિક્ર પઢવા બાદ પાણી તથા મીઠી ચીજ પર દમ કરી દરેકને નિયાજ વેચી દેવી.

રોજ રાત્રે ૧૧૧ વાર દરૂદ શરીફ પઢીને હુઝુર પુરનુર સરકારે દોજહાં સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બારગાહમાં દરૂદે પાકનો નઝરાણુ (તોહફો) પેશ કરવો.

નોટ : હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમને દરૂદ શરીફ બખ્શવુ નહી અને બખ્શવાનો શબ્દ ઉચ્ચારવો નહી.

આપની બારગાહે બેકસપનાહમાં હદીયો (તોહફો) પેશ કરવો અને બની શકે તો દરૂદે ઈબ્રાહીમ જેમ બને તેમ વધુ પઢવું.

ખત્મે કાદરીયાહ શીરાઝીયાહ

ખતમે ખ્વાજગાં

દરૂદે ઈબ્રાહીમ શરીફ પઢવું

૧૧ વખત દરૂદે ઈબ્રાહીમ શરીફ પઢવું પછી ૭ વખત સુરએ ફાતેહા પઢવું પછી ૧૧ વખત આયતુલ કુરસી પઢવું, પછી એક વખત સુરએ ફાતેહા પઢીને મોઢા પર હાથ ફેરવીને

૧૦૦ વખત યા કાદીયુલ હાઝાત

૧૦૦ વખત યા દાફેઅલ બલીયાત

૧૦૦ વખત યા મુજીબુદ દાઅવાત

૧૦૦ વખત યા કાફીઉલ મહમાત

૧૦૦ વખત યા મુસબ્બે બુલ અસબાબ

૧૦૦ વખત યા હલ્લાલે મુશ્કીલાત

૧૦૦ વખત યા હય્યો યા કૈયુમો

પછી ૭ વખત સુરએ ફાતેહા પઢવું, પછી ૧૧ વખત દરૂદે ઈબ્રાહીમ પઢવું પછી ૧૧ વખત આયતુલ કુરસી પઢવું, પછી એક વખત અલહમ્દો પઢીને ખુદા પાક પાસે દુઆ માંગવી. તેના હબીબ પાક (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)ના સદકામાં દુઆ કબુલ થઈ જશે ઈન્શાઅલ્લાહ આ ખતમે [illegible] પઢ્વા માટે શીરાઝી કલરનુ કપડુ પાથરીને પછી પઢ[illegible] .ઝી કલર એટલે

ચોકલેટી રંગનું) આ ખતમ રોજ ઈશાની નમાઝ બાદ પઢવુ. પઢી લીધા બાદ પોતાના પીરનો તસવ્વુર કરવુ અને મુરાકેબો કરવો. આંખો મીચીને પછી રોજ એક વખત શજરા શરીફ પઢવુ જેનાથી તમામ કાદરી સીલસીલાના બુઝુર્ગોનો ફૈઝ ચાલુ રહેશે.

આ ખતમ પઢવાથી અથવા પઢાવવાથી દરેક આફત બલા દુર થઈ જાય છે આસાની થઈ જાય છે.

હઝરત સૈયદ મોહમ્મદ સાલેહ શીરાઝી શાહના ગાદી નશીનો (ખલીફાઓ) કુત્બે વકત

૧. ગાદી વારસ હઝરત સૈયદ કામુશાહ કાદરી રહમતુલ્લાહ અલયહે

૨. સજ્જાદા નસીન હઝરત સૈયદ મીરશાહ બાવા રહમતુલ્લાહ અલયહે

૩. સજ્જાદા નસીન હઝરત સૈયદ મોહમ્મદ ઝીયાઉલ્લાહ બાવા રહમતુલ્લાહ અલયહે

૪. સજ્જાદા નસીન કુત્બે વકત હઝરત સૈયદ લાલમીયા બાવા રહમતુલ્લાહ અલયહે

૫. સજ્જાદા નસીન હઝરત સૈયદના શાહ હુસૈન મીયા બાવા કુત્બે વકત (દરગાહ શરીફ ટંકારામાં છે) રહમતુલ્લાહ અલયહે

૬. સજ્જાદા નસ[illegible] હઝરત સૈયદ મહેમુદ મીયા બાવા રહમતુલ્લાહ અલયહે

૭. સજજાદા નસીન હઝરત સૈયદ હાજી સઈદ મીયા બાવા રહમતુલ્લાહ અલયહે

૮. સજજાદા નસીન હાલના ગાદ્દી નસીન હઝરત પીરે તરીકત સૈયદ મોહમ્મદ મુસ્તુફા કાદરી હુસૈની શીરાજી (મદજીલ્લહુલઆલી)

સુબ્હાનલ્લાહ ૩૩ વખત, અલ્હમ્દુ લિલ્લાહ ૩૩ વખત, અલ્લાહો અકબર ૩૪ વખત, રોજ કલ્મે તમજીદની એક તસ્બીહ પૂરી કરવી. અને ૭૦૦૦૦ સીંતેર હજાર કલ્માં પઢવાથી બખ્શીશ થઈ જાય છે. ગમે તેમ કરીને પૂરો કલ્મો હજાર વખત પઢી લેવું.

ખત્મે કાદરીયાહ શીરાઝીયાહ

ખત્મે ખ્વાજગાં

૧ વખત પુરો બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

૧૧ વખત દરૂદે ઈબ્રાહિમ

૧૧ વખત ગૌષેપાકના નામે પાક

૧૧ વખત આયતુલ કુરસી

૫૧ વખત સુરે ફાતેહા

૧૨૯ વખત અસ્તગફારે મલાહિક

૧૦૦ વખત અલમ નસરાહ

૧૧ વખત યાશેખ અબ્દુલ કાદિર જીલાની શયઅન લિલ્લાહ

૨૧ વખત સુરે ઈખલાસ

૩૩ વખત ઈન્ના અન્ઝલના

૩૩ વખત આયતે કરીમા

૩૪ વખત ચોથો કલ્મો

૧૧ વખત યા શેખ અબ્દુલ કાદિર જીલાની શયઅન લિલ્લાહ

૨૧ વખત દરૂદે ગૌષીયાહ

૫૧ વખત ઈન્ના આઅતયના

૬૦ વખત સુરે ફાતેહા

૧૧ વખત દરૂદે ઈબ્રાહીમ

પઢી તમામ કાદરી સીલસીલાના બુઝુર્ગોને બખ્શી દેવું પછી તમારી જાઈઝ મનની મુરાદ માંગવી. ઈન્શાઅલ્લાહ પૂરી થશે. કોઈપણ પઢી શકે છે.

મન્કબત

દરશાને પીરાને પીર કુત્બે આલમ ગૌષુલ આલમ, કુત્બુલ અકતાબ ગૌષેઝમાં સુલતાનુલ ઔલીયાં હુઝુર સૈયદના. શાહ આલે રસુલ હઝરત સૈયદ મોહંમદ સાલેહ, શીરાઝી શાહ રહમતુલ્લાહ તઆલા અલયહે.

મોહંમદ સાલેહ નામી હંય ગીરામી પીરે શીરાઝી,
હંય ઔલાદે અઈમ્માએ હુસૈની પીરે શીરાઝી.
હસી અખલાક ઔસાકે હમીદાસે મુઝય્યન થે,
મુબલ્લીગ આલીમો હાફીઝ–વ–કારી પીરે શીરાઝી.

કીસીકો નુરે ઈમાંસે કિસીકો જામે ઈશ્કાં સે,
શરફબખ્શા કીસીકોં દેકે ચારી પીરે શીરાઝી.
શરીઅત મેં તરીકત મેં હકીકત મઅરેફત મેં ભી,
ગુઝારી આપને હૈ ઉમ્ર સારી પીરે શીરાઝી.
હુઆ એક બાંઝ કો બચ્ચા, મરીઝોને શીફા પાઈ,
દુઆ મકબૂલ કી હકને, તુમ્હારી પીરે શીરાઝી
કીયા સાધુકો શાઅબ્દુલ્લાહ નીગાહે લુત્ફને તેરી,
મીટી ઝુલ્મત મીલી રોશન ઝમીરી પીરે શીરાઝી.
તુફેલે મુસ્તુફા આકા કરમહો "મુસ્તુફા" પર ભી,
કે તુમ દાતા હો મેરે, મેં ભીખારી પીરે શીરાઝી.

આયતુલ કુરસી

અલ્લાહુ લાઈલાહા ઈલ્લાહુ, વલ હૈય્યુલ કૈય્યુમ, લા તઅ ખોઝુહ સિનતુંવ વલાનવમ. લહુમાફિસ્સમાવાતે વમા ફિલ અર્દ મન ઝલ્લઝી યશ ફઉ, ઈન્દહુ ઈલ્લા બે ઈઝનેહી. ય અલમો મા બયના અયદી હીમ, વમા ખલ્ફહુમ, વલા યુહી તુન બે શયઈન મિન ઈલ્મેહી ઈલ્લા બેમાશાઅ, વસિઅ કુર્સીય્યુ હુસ્સમાવાતે વલ અર્દ. વલા ય ઉદુહુ હિફઝહુમા વહુવલ અલીય્યુલ અઝીમ.

દરૂદે ઈબ્રાહીમ શરીફ

અલ્લાહુમ્મા સલ્લે અલા સૈયદના મુહંમદીવ વ આલા આલે,

સૈયદના મોહમદીન કમા સલૈતા અલા સૈયદના ઈબ્રાહીમ વ આલા આલે સૈયદના ઈબ્રાહીમાં ઈન્નકા હમીદુમ મજીદ.

અલ્લાહુમ્મા બારીક અલા સૈયદના મુહંમદીવ વ આલા આલે સૈયદના મુહમદીન કમા બારકતા અલા સૈયદના ઈબ્રાહીમા વ આલા આલે સૈયદના ઈબ્રાહીમા ઈન્નકા હુમીદુમ મજીદ.

રોજ ૧૦૦ વખત અસ્તગફાર પઢવું.

અસ્તગ ફેરૂલ્લાહ ત્આલા રબ્બી મીન કુલ્લે જં બીવ વ ખતીઅતીવ વ અતુંબો અલયહે.

૧૦૦ વખત લાઈલાહા, ઈલ્લા અન્તા સુબ્હાનકા !

ઈન્ની કુન્તો મિનઝઝાલિમીન

ઝોહરની નમાજ બાદ ૧૦૦ વખત હસ્બો નલ્લાહો વ નેઅમલ વકીલ

સવાર અને સાંજે

૩ વખત કુલ યા અય્યોહલ કાફિરૂન ! ૩ વખત કુલ હો વલ્લાહ, ૩ વખત કુલ અઊઝુ બે રબ્બિલફલક, ૩ વખત કુલ અઊઝૂ બે રબ્બિનાસ. પઢો દરેક આફત બલા વબાથી મહેફુઝ રહેશો કુલ યા ઐય્યુહલ કાફીરૂમનની સુરત નીચે પ્રમાણે છે.

"કુલ યા ઐય્યુહલ કાફિરૂન ! લા અઅબુદ, મા તઅબુદૂન વલા અન્તુંમ આબિદૂન મા અઅ બુદ; વલાઅન આબિદુ મા અબદતુમ; વલા અન્તુમ આબિદૂન મા અઅબુદ; લકુમ દીનકુમ વ લિયદીન".



હાજીપીર

જમાલુદ્દીન મોહંમદ કાદરી

(રહેમતુલ્લાહ અલયહે)

મું. કલારીયા શરીફ



ચશ્મો ચિરાગે ખાનદાને શિરાઝીયાહ, રોશન ઝમીર, આરીફાહ, કામિલાહ, હઝરત હવ્વામાં કાદરી

(રહેમતુલ્લાહે તઆલા અલયહા)

મું. કલારીયા શરીફ

વફાત તા. ૨૪-૩-૨૦૦૬ શુક્રવાર

મું.તા. ૨૩ સફર હી. ૧૪૨૭

આ કમિટીને પોતાની કલમથી ફ્રીમાં સેવા આપનાર
પીરઝાદા સૈયદ
હાજી દાદામીયાં સાહેબ રૂપાલવાલાની

નમ્ર અપીલ

તમામ ગુર્જર મુસ્લિમ બિરાદરોને મારી નમ્ર અપીલ છે કે, આ ‘‘કલમ રૂપી’’ જેહાદના કાર્યમાં આપનો ફાળો પણ હોવો જ જોઈએ. જે ભાઈ-બહેનોએ હજુ સુધી સુન્ની મુસ્લિમ કમિટી-ગોંડલની આ તબ્લીગી સેવામાં સહકાર ના આપ્યો હોય તેઓ જલ્દીથી પોતાના ખયરાતનો પ્રવાહ આ બાજુ વાળી દે. ‘‘સવાબે ઝારીયાહ’’ના આ મુબારક કામમાં પોતાનું નામ નોંધાવી બન્ને જહાનની નેઅમતોથી માલામાલ થાય, આમીન !

• વ્યવસ્થાપક •

સુન્ની મુસ્લિમ કમિટી

વેરી દરવાજા, ગોંડલ ૩૬૦૩૧૧
જિ. રાજકોટ (ગુજરાત) ફોન : ૦૨૮૨૫-૨૨૪૭૮૬

Scanned with OKEN Scanner

مذہب اہلسنت کا ترجمان یعنی مسلک اعلیٰحضرت کا نقیب و پاسبان

کتابی سلسلہ

پیغامِ رضا ممبئی

- بریلی شریف اہل سنت کا مرکز کل بھی تھا، آج بھی ہے اور کل بھی رہے گا۔
  حضرت سید شاہ محمود اشرف کچھو چھہ شریف
- بریلی کی مرکزیت کسی بلند پایہ درسگاہ سے معنون نہیں ہے بلکہ اس کی مرکزیت امام احمد رضا سے منسوب ہے۔
  پاسبان ملت علامہ مشتاق احمد نظامی علیہ الرحمہ
- ساری دنیا بدعقیدہ ہو جائے، صرف ایک آدمی مسلک اعلیٰ حضرت پہ قائم ہو تو اسی کو جماعت اور اسی کو سواد اعظم کہا جائے گا۔
  جانشین مفتی اعظم حضرت ازہری میاں صاحب
- مسلک اعلیٰ حضرت کی تشہیر اور اس کی بڑے پیمانے پر اشاعت، یہی ہمارا مقصد حیات ہے۔
  محدث کبیر حضرت علامہ ضیاء المصطفیٰ قادری صاحب
- مسلک اعلیٰ حضرت ہمارا نشان امتیاز ہے جو اس کو مٹانے کی کوشش کرے گا وہ خود مٹ جائے گا۔
  حضرت مولانا ادریس رضا خاں صاحب بیلی بھیت شریف
- مسلک اعلیٰ حضرت حق کا بے غبار آئینہ ہے، اس میں چہرے کا صحیح عکس دیکھا جا سکتا ہے۔
  مفتی شمشاد احمد مصباحی
- جام نور خلق کی نگاہ سے گر چکا ہے، جو لوگ اس کی حمایت پہ اصرار کر رہے ہیں، وہ عوام میں مشکوک ہوتے جا رہے ہیں۔
  سید اولاد رسول قدسی مصباحی امریکہ
- جام نور نے جدید ذہنوں میں جو جراثیم بھرے ہیں مستقبل میں اس کے اثرات بڑے بھیانک ہوں گے۔
  مولانا غلام مصطفیٰ رضوی مصباحی
- جام نور کی خفیہ پلاننگ انتہائی خطرناک ہے اس پہ سنجیدگی سے سوچنے کی ضرورت ہے۔
  مولانا قمر الزماں مصباحی

مدیر اعلیٰ

محمد رحمت اللہ صدیقی

جب بھی کوئی پوچھتا ہے اہلِ سنت کی سند
پیش کر دیتے ہیں ہم تو اعلیٰ حضرت کی سند

سید شاہ آل رسول حسنین میاں نظمی مارہرہ شریف

آج رئیس القلم کی دینی، ملی اور مسلکی خدمات کا چہرہ ان کے بعض آزاد خیال، مسلک بیزار اور ناعاقبت اندیش جانشینوں سے مسخ ہو رہا ہے۔

مولانا انصار رضا نوری

Scanned with OKEN Scanner